Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

REGISTRED No. B. 156.

श्री

# જૈન ધર્મ પ્રકાશ.

वंद्यास्तीर्थकृतः सुरेंद्रमहिताः पूज्या विधायामलां ।
सेव्याः सन्मुनयश्च पुण्यचरणाः श्राव्यं च जैनंवचः ॥
सच्छीलं परिपालनीयमतुलं कार्यं तपो निर्मलं ।
ध्येया पंचनमस्कृतिश्च सततं भाव्या च सद्भावना ॥१॥

પુસ્તક ૩૨ મું.] જ્યેષ્ઠ. સંવત ૧૯૭૨. વીર સંવત ૨૪૪૨. [અંક ૩ જો.

પ્રગટ કર્તા,

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા—ભાવનગર.

अनुक्रमणिका.

૧ આ તે સાચો સંસાર કે ઇંદ્રજાળ? (પદ્ય)... ... ... ... ૮૫
૨ બે ઘડીના મેમાન. (પદ્ય) ... ... ... ... ... ૮૬
૩ પ્રશમરતિ પ્રકરણ—અર્થ રહસ્ય યુક્ત. ... ... ... ... ૮૬
૪ યોગ્યાયોગ્ય શિષ્ય પરીક્ષા. (નંદીસૂત્ર ટીકા) ... ... ... ૯૧
૫ ધાર્મિક કેળવણી. (કુંવરજી આણંદજી) ... ... ... ... ૯૮
૬ મ્હારૂં ૩૨ મું વર્ષ. (નંદલાલ લલ્લુભાઇ) ૧૦૨
૭ આપણો ઉદય શી રીતે થાય? (વેણીચંદ સુરચંદ) ૧૦૬
૮ જુહાર અને જયંતિ શબ્દ સંબંધી શંકા સમાધાન. ૧૦૭

ભાવનગર—ધી આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શા. ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું.

વાર્ષિક મૂલ્ય રૂ. ૧) પોસ્ટેજ રૂ. ૦-૪-૦ ભેટના પોસ્ટેજ સહિત.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## પુસ્તકોની પહોંચ.

| | | | |
|---|---|---|---|
| ૫૨ | કર્મગ્રન્થ સાથે પ્રથમ વિભાગ. | શ્રી જૈન શ્રેયસ્કર મંડળ. | મેસાણું |
| ૫૩ | શ્રી પર્યુષણાષ્ટાન્હિકા વ્યાખ્યાન. (સં.) | ભાવસાર ગાંડાલાલ માનચંદ. | વરતેજ |
| ૫૪ | શ્રીપાળ ચરિત્ર (સંસ્કૃત.) | સદર. | |
| ૫૫ | પ્રશ્નોત્તર સંગ્રહ. | ભાવસાર ગાંડાલાલ માનચંદ. | વરતેજ |
| ૫૬ | મૃગાંકલેખા. હિંદી. | મુનિરાજ શ્રી વલ્લભવિજયજી. | |
| ૫૭ | પરલોક પ્રકાશ. | ઝવેરી. | મોરબી |
| ૫૮ | જિનગુણ સ્તવનાવળી ભાગ ૨ જો. | પન્યાસજી શ્રી કમળવિજયજી. | |
| ૫૯ | શ્રી જિનદત્ત સૂરિનું જીવન ચરિત્ર હિંદી. | મુનિ માણેક. | |
| ૬૦ | શિક્ષા શતક. | શ્રીયશોવિજયજી ગ્રન્થમાળા. | ભાવનગર |
| ૬૧ | તેરાપંથી મત સમીક્ષા. | ” | ” |
| ૬૨ | તેરાપંથી હિત શિક્ષા. | ” | ” |
| ૬૩ | ભજન મંજુરા. | શ્રી આત્માનંદ જૈન પુસ્તક પ્રચારક મંડળ. | દીલ્હી |
| ૬૪ | શ્રી મસ્તરામજી બોધવચન માળા. | શ્રી શ્રેયઃસાધક જીજ્ઞાસુ મંડળ. | બોરસદ |
| ૬૫ | સુદર્શન શેઠ અને શીળ મહીમા. | શા. અમરતલાલ જગજીવન. | ભાવનગર |
| ૬૬ | શ્રાવક શ્રાવિકા ધર્મ. | શા. અમરતલાલ જગજીવન. | ભાવનગર |
| ૬૭ | સંમેતશિખર રાસ. મુનિરાજ | શ્રી જયવિજયજી. | |
| ૬૮ | શ્રાવિકા ભૂષણ ભાગ ૩ જો. | શા. કુંવરલાલ દયાળજી. | ભાવનગર |
| ૬૯ | સદર. ભાગ ૪ થો. | સદર. | ” |
| ૭૦ | શ્રી ચંપકશ્રેષ્ઠી કથા. સંસ્કૃત. | પંન્યાસજી શ્રી સૌભાગ્યવિમળજી. | |
| ૭૧ | લઘુ ચૈત્યવંદન ચતુર્વિંશતિકા. | પંન્યાસજી શ્રી સૌભાગ્યવિમળજી | |
| ૭૨ | પ્રશ્નોત્તર વિચાર. | મુનિ બુદ્ધિસાગર ( ખરતર ગચ્છી ) | |
| ૭૩ | પુષ્પવતિ વિચાર તથા સૂતકવિચાર. | શ્રાવક ભીમસીંહ માણેક. | મુંબઈ |
| ૭૪ | શ્રી યોનિસ્તવ પ્રકરણ સટીક. (સં.) | શા. કેશવલાલ હકમચંદભાઈ. | અમદાવાદ |
| ૭૫ | શ્રી સમવસરણ સ્તવ. સટીક. (સં.) | સદર. | |
| ૭૬ | વનસ્પતિ ખોરાકનું મહત્વ. | શ્રી જીવદયા જ્ઞાન પ્રસારક ફંડ. | મુંબઈ |
| ૭૭ | ચતુરબાઈ. | શ્રી દિગંબર જૈન. | સુરત |
| ૭૮ | વચનામૃત-વિલાસ. | શા. દામજી ખીમજી. | સાયલા |

આમાંના કેટલાક પુસ્તકોનો રીવ્યુ વિસ્તારથી અવકાશે લેવામાં આવશે.

સં. ૧૯૭૨ ના કાર્તિક સુદી ૧ થી વૈશાક વદી ૦)) સુધીમાં ઉપર પ્રમાણે ભેટ આવેલાં પુસ્તકો ઉપકાર સાથે સ્વીકારવામાં આવે છે. અને તેની પહોંચ પ્રગટ કરવામાં આવે છે. આવી રીતે જાહેર સંસ્થાઓને પોતાના પ્રસિદ્ધ કરેલાં પુસ્તકો ભેટ મોકલવાથી તેનો ઘણા માણસો લાભ લે છે. ઉપરાંત તેની પહોંચ પ્રગટ થવાથી એક જાહેરખબરની પણ ગરજ સારે છે. એ લાભ પણ સમજવાનો છે. તેથી પુસ્તક પ્રસિદ્ધકર્તાઓએ પોતાની તરફથી પ્રગટ થતાં પુસ્તકો ભેટ મોકલવાની પ્રવૃત્તિ શરૂ રાખવી યોગ્ય છે.

તંત્રી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री जैन धर्म प्रकाश.

पिता योगाभ्यासो विषयविरतिः सा च जननी ।
विवेकः सोदर्यं प्रतिदिनमनीहा च भगिनी ॥
प्रिया क्षांतिः पुत्रो विनय उपकार प्रियसुहृत् ।
सहायो वैराग्यं गृहमुपशमो यस्य स सुखी ॥ १ ॥

પુસ્તક ૩૨ મું. ] જયેષ્ઠ. સંવત ૧૯૭૨. વીર સંવત ૨૪૪૨. [ અંક ૩ જો.

## आ ते साचो संसार के इंद्रजाळ?

( રાગ—માઢની ધૂનમાં )

શાણા સાચો આ સંસાર, કે નશ્વર ઇંદ્રજાળ છે;
જુઓ અંતરમાં એ વાત, સુજળ કે ગંદી ખાળ છે. શાણા૦
કમળ કળી વિકસીત થઇ હસતી, દેખી દિનકર તેજ;
સાંજ થતાં તે શુષ્ક બનીને, ઢળતી વસુધા સેજ. નશ્વર૦
શરદૃઋતુની વાદળી વ્યાપી, ગગનમંડળમાં જેમ;
ક્ષણમાં દૃષ્ટનષ્ટ થઇ ચાલી, કહો એ ખોળવી કેમ? નશ્વર૦
આજ ખરેખર પુત્ર પ્રિયા ને, લક્ષ્મીની પણ લહેર;
યૌવન વન ખીલ્યું તનમાં પણ, કાલે કાળો કેર. નશ્વર૦
વસંત રંગ તરંગ ગયા ત્યાં, શુષ્ક થયું તન વસ્ત્ર;
જરા જરાએ જોગ જમાવ્યો, જોઇ બળે અતિ મન. નશ્વર૦
પ્રેમવતી પ્રમદાના પ્રેમે, મસ્ત બન્યો દિનરાત;
વિયોગ-વૈરી વિઘ્ન કરે ત્યાં, ક્યાં જઇ કરવી વાત? નશ્વર૦
પ્રભાતમાં જય મંગળ વર્તે, આનંદ રંગ અપાર;
સંધ્યાએ શિર કૂટે બેઠા, કરતા હાહાકાર. નશ્વર૦
બાજીગરની બાજી ચોખ્ખી, જાગી જુઓ જગ જ્હાંય;
પગલે પગલે એજ પ્રદર્શન, પ્રેક્ષક વિરલ જણાય. નશ્વર૦

રત્નસિંહ—દુમરાકર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# બેઘડીના મેમાન.

કાફી.

**જગતના સર્વ માનવી, બે ઘડીના મેમાન;**

ક્ષણભંગુર છે દેહ સર્વનો, કરો ન લેશ ગુમાન. જગત૦
અમે પણ બેઘડીના મેમાન, તમે પણ બે ઘડીના મેમાન;
રાય પણ બેઘડીના મેમાન, રંક પણ બેઘડીના મેમાન. જગત૦
લંકાધીશ રાવણનું આજે, રહ્યું ન નામ નિશાન;
એવું જાણી પામર પ્રાણી, છોડી દે અભિમાન. જગત૦
લાખો પૈસા ભેગા કીધા, ભર્યા કોઠારે ધાન;
મરણતણો ભય છોડી દઇને, સદા રહે ગુલતાન. જગત૦
મારૂં મારૂં માની બેઠો, તારૂં નથી હેવાન;
પડયું રહે અવનીની ઉપર, જ્યારે આવે અવસાન. જગત૦
શશી સુરજ તારાના મંડળ, નાશ થશે[1] નિદાન;
અચળ નથી અવનીમાં કોઇ, ધરે અંતરમાં જ્ઞાન. જગત૦
વિધવિધના વૈભવ ભોગવતો, કરતો સુંદર ગાન;
પણ હંસ[2] જતાં આશા રો બેસે, સગા મિત્ર દિલજાન. જગત૦
સુરઈંદુ કહે ચેત પ્રાણીયા, ધરે ધર્મનું ધ્યાન;
અંતસમે મરવાની વખતે, રહે ન તનનું ભાન. જગત૦

આસીચંદ કરશનજી. શેઠ.
સ્કુલ માસ્તર. રવની.

# प्रशमरति प्रकरण.

[ અર્થ વિવેચન યુક્ત. ]

અનુસંધાન પૃષ્ટ ૧૯ થી.

आचाराध्ययनोक्तार्थभावनाचरणगुप्तहृदयस्य ।
न तदस्ति कालविवरं यत्र क्वचनाभिभवनं स्यात् ॥ ११९ ॥

અર્થ—આચાર અધ્યયનમાં ( આચારાંગમાં ) કહેલા અર્થની ભાવના મુજ

---

૧ સૂર્ય, ચંદ્ર, તારાના વિમાનો શાશ્વત હોવાથી રહેશે, જો કે તેમાં પણ પર્યાય—પરમાણુ સ્કંધ પલટાયા કરે છે પરંતુ તેની અંદર રહેનારા તેના સ્વામી દેવો ને ઇંદ્રો કે જે ચંદ્ર, સૂર્ય તારાપણે ઓળખાય છે તે તો આયુ પૂર્ણ થયે ચ્યવી જાયજ છે ને બીજા નવા ઉત્પન્ન થાય છે.
૨ આત્મા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એ આચરણ કરવામાં સાવચેત રહેતા મુનિનો કોઇ પણ કાળે પરાભવ થઈ શકતો નથી. ૧૧૯.

**વિવેચન**—શ્રી આચારાંગ સૂત્રમાં જે અર્થ કહેવામાં આવ્યો છે તેને વિષે ષટ્ જીવનિકાય યતનાદિકરૂપ વાસનાભ્યાસના આસેવનવડે–મૂળ અને ઉત્તર ગુણો યોગે જેમનું હૃદય સંરક્ષાયલું રહે છે ત્હેને કષાય, પ્રમાદ અને વિકથાદિ દુષ્ટ દોષો કદાપિ છળી શકતા નથી. જે સદ્બોધ સુભાગ્યે પ્રાપ્ત થયેલો છે તેમાં તીક્ષ્ણ ઉપયોગ રાખી સદાય સદાચરણ સેવનાર સાધુજનોનો પરાભવ કોઈ કદાપિ કરવા સમર્થ થઇ શકતા નથી. ૧૧૯.

વળી પૂર્વોક્ત અર્થમાં જેમનું મન પરોવાયલું હોય છે ત્હેમને ઉત્પથમાર્ગે દોરી જનારી દુર્મતિ કદાપિ જાગતીજ નથી એ વાત શાસ્ત્રકાર દૃષ્ટાંતો આપીને દૃઢ કરે છે:—

पैशाचिकमाख्यानं श्रुत्वा गोपायनं च कुलवध्वाः ।
संयमयोगैरात्मा निरंतरं व्यापृतः कार्यः ॥ १२० ॥

**અર્થ**—પૈશાચિકાખ્યાન ( ભૂતવાર્તા ) અને કુળવધુનું રક્ષણ થયેલું સાંભળીને સંયમવ્યાપારથી આત્માને સદા સાવધાન ( ઉદ્યમી ) રાખવો. ૧૨૦.

**વિવેચન**—પ્રથમ પિશાચ સંબંધી દૃષ્ટાંત આપે છે:–કોઈ એક વણિકે મંત્રબળથી કોઈ એક પિશાચને વશ કરેલો છે. પિશાચે વણિકને કહ્યું કે ‘ મને સદાય કંઇને કંઇ કાર્ય બતાવતાંજ રહેવું, એમાં વિલંબ યા ઉપેક્ષા કરશે તો તત્કાળ હું ત્હમારો વિનાશ કરીશ.’ વણીકે તે વાત કબૂલ કરી અને ત્હેણે ત્હેને ઘર તૈયાર કરી આપવા અને ધન ધાન્ય લાવવા તથા સુવર્ણ રજતાદિક ઈષ્ટ વિભૂતિ સંપાદન કરી આપવા સૂચવ્યું. તે બધુંય પિશાચે થોડા વખતમાં કરી આપ્યું અને બીજા કાર્ય માટે ફરી પૂછ્યું. એટલે વણિકે જણાવ્યું કે ‘ એક અતિ દીર્ઘ વાંસ લાવી ઘરના આંગણે ખોડીને તું ચ્હડવા ઉતરવાનું કામ ત્યાં સુધી કરતો રહે કે જ્યાં સુધી હું ત્હને ફરી બીજું કંઈ કામ કરવાને ફરમાવું.’ આ પ્રમાણે વ્યવસ્થા કરી દેવાથી વણિકનો પરાભવ થાય એવો અવકાશજ પિશાચને મળતો નથી. એ પ્રમાણે દિન રાત સદ્ અનુષ્ઠાન સેવવામાં તત્પર રહેનારા સાધુજનોને પણ દુષ્ટ વિચાર છળવાને શક્તિમાન્ થતા નથી. બીજું એક કુળવધુનું દૃષ્ટાંત શાસ્ત્રકાર નીચે મુજબ આપે છે:—

રૂપ લાવણ્યથી ભરેલી કોઈ એક કુળવધુને કોઇ એક જારકર્મ કરનારે દેખી અને વિષયભોગ માટે પ્રાર્થના કરી, જે તેણીએ કબૂલ રાખી. આવો તેણીનો અભિપ્રાય તેની સાસુએ જાણી લીધો અને તેણીને માથે સઘળો ઘર વ્યાપાર નાંખી દીધો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઘર સંબંધી સઘળા કામકાજ તેણીનેજ કરવાનાં માથે આવી પડવાથી નિદ્રા લેવાનો અવકાશ પણ હવે તેણીને મુશીબતથી મળવા લાગ્યો. તો પછી વિષયભોગ સંબંધી પહેલી કરેલી કબૂલાત યાદ જ કોને આવે ? એ રીતે નિજ સદાચાર સેવવામાં સદાય મગ્ન રહેનારા મુમુક્ષુ સાધુજનોને પણ વિષયભોગાદિક સંબંધી વાત ક્યાંથી યાદ આવે ? એટલા માટેજ સાધુએ સંયમ વ્યાપારમાંજ નિજ મનને નિમગ્ન કરી દેવું એટલે કે વિષય કષાયનો સારી રીતે નિગ્રહ કરી પવિત્ર મન વચન અને કાયાવડે અહિંસાદિ મહાવ્રતોની ધુરા ધારણ કરી રાખી ત્હેનો અંત સુધી બાહાદુરીથી નિર્વાહ કરવો. કદાપિ પ્રમાદ વશ થઇ જવું નહિ. ૧૨૦.

આ રીતે સત્ ક્રિયાનુષ્ઠાનમાં મગ્ન થયેલ મહાત્મા આ લોક સંબંધી ભોગના કારણો વિષે અનિત્યતા ભાવે–વિચારે તે ગ્રંથકાર રોશન કરે છેઃ—

क्षणविपरिणामधर्मा मर्त्यानामृद्धिसमुदयाः सर्वे ।
सर्वे च शोकजनकाः संयोगा विप्रयोगान्ताः ॥ १२१ ॥
भोगसुखैः किमनित्यैर्भयबहुलैः कांक्षितैः परायत्तैः ।
नित्यमभयमात्मस्थं प्रशमसुखं तत्र यतितव्यम् ॥ १२२ ॥

**અર્થ**—મનુષ્યોની સર્વ ઋદ્ધિઓ ક્ષણમાં બદલાઇ જાય એવી છે, અને સર્વે સંયોગો અંતે વિયોગવાળા હોવાથી શોકજનક છે, તો અનિત્ય, ભયથી ભરેલાં, અભિલષેલાં, અને પરાધીન એવાં વિષયસુખથી સર્યું. નિત્ય, નિર્ભય, અને સ્વાધીન એવા શાન્ત રસને માટે જ પ્રયત્ન કરવો. ૧૨૧—૧૨૨.

**વિવેચન**—વિશબ્દ કુત્સા વાચી છે. મરણ ધર્મ ( સ્વભાવ )વાળા જે મર્ત્ય જનો ત્હેમના ધન ધાન્ય રજત સુવર્ણાદિક સઘળા ઋદ્ધિ–સમુદાયો દ્રષ્ટનષ્ટ પરિણામવાળા છે. એમ અનેક પરોક્ષ અને પ્રત્યક્ષ દૃષ્ટાંતોથી સ્પષ્ટ સમજી શકાય છે. વળી સ્ત્રી પુત્રાદિક સઘળા સંયોગિક સંબંધો એક વખતે મોહાંધતાથી ગમે તેવા હર્ષદાયક દેખાતા હોય તો પણ તે બધા અંતે વિયોગશીલજ હોવાથી જ્યારે વિખૂટા પડે છે ત્યારે નિશ્ચે શોકદાયી–શોક પેદા કરનારા થઇ પડે છે, તે ભુલવું જોઇતું નથી. દૃશ્ય દુનીઆમાં એવો કોઈ સંયોગ–સંબંધ છેજ નહિ કે જ્હેનો વિયોગ સ્વભાવવાળા સંબંધોમાં અંતર્ભાવ થવા ન પામે, તેથી પૂર્વાપર લાભ હાનીનો વિચાર કરી શકનારા સુજ્ઞ જનો એવા તુચ્છ વિષય સુખની અભિલાષા કરતાજ નથી.

શબ્દાદિક પાંચ વિષયો જે ભોગવાય છે તે ભોગસંબંધી સઘળાં સુખ પૂર્વોક્ત ન્યાય પ્રમાણે અનિત્ય–ક્ષણિક છે. ચોર, સંબંધીઓ, અગ્નિ અને રાજાદિક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તરફના અનેક તરેહના ભયથી ભરેલા છે, જેને માટે ઝંખના કરવી પડે છે અને તેમ છતાં જો તે મનોહર હોય તો જ ભોગીજનોને સુખદાયક લાગે છે; અન્યથા સુખદાયક લાગતા નથી. તેવા પરવશતા ભરેલાં ભોગસુખનો પ્રતિબંધ શા માટે રાખવો જોઇએ ? ન જ રાખવો જોઈએ. તેથી તેવો ભોગાભિલાષ તજીને જે સુખ કાયમ ટકી રહે, જેમાં પૂર્વોક્ત ભય લેશમાત્ર સંભવિતજ નથી અને જે નિજ સત્તામાંજ રહેલું છે અને જે રાગદ્વેષ રહિત મધ્યસ્થ, શાન્ત કષાયવંતને સહેજે પ્રાપ્ત થઇ શકે છે એવું **પ્રશમસુખ** પ્રાપ્ત કરવાને જ પ્રયત્ન કરવો ઉચિત છે. ૧૨૧–૨૨.

ઉક્ત **પ્રશમસુખ** પ્રયત્નશીલ એવા પુરૂષાર્થી જનોને પ્રાપ્ત થવું સુલભ છે એમ શાસ્ત્રકાર દર્શાવે છે—

यावत्स्वविषयलिप्सोरक्षसमूहस्य चेष्ट्यते तुष्टौ ।
तावत्तस्यैव जये वरतरमशठं कृतो यत्नः ॥ १२३ ॥
यत्सर्वविषयकांक्षोद्भवं सुखं प्राप्यते सरागेण ।
तदनन्तकोटिगुणितं मुधैव लभते विगतरागः ॥ १२४ ॥
इष्टवियोगाप्रियसंप्रयोगकांक्षासमुद्भवं दुःखम् ।
प्राप्नोति यत्सरागो न संस्पृशति तद्विगतरागः ॥ १२५ ॥
प्रशमितवेदकषायस्य हास्यरत्यरतिशोकनिभृतस्य ।
भयकुत्सानिरभिभवस्य यत्सुखं तत्कुतोऽन्येषाम् ॥ १२६ ॥

**અર્થ**—પોતાના વિષયને મેળવવા આતુરતાવાળી ઇંદ્રિયોને સંતુષ્ટ કરવાને જેટલો પ્રયત્ન કરાય છે તેટલો પ્રયત્ન કપટરહિત તેનો જય કરવાને આચરવો શ્રેષ્ઠ છે. સર્વ વિષયની સ્પૃહાથી ઉત્પન્ન થતું જે સુખ રાગાતુર મેળવે છે, તેથી અનંત કોટિગણું સુખ વિરાગી માણસ સહજમાં મેળવે છે. ઇષ્ટ વિયોગ અને અનિષ્ટ સંયોગની ચિંતાથી ઉત્પન્ન થતું જે દુઃખ સરાગી પામે છે તેનો સ્પર્શમાત્ર પણ વિરાગીને થતો નથી. વિષયકષાય રહિત, હાસ્ય, રતિ, અરતિ અને શોકથી નિરાળો તેમજ ભય અને દુગંચ્છાથી દૂર રહેલો આત્મા જે સુખ અનુભવે છે તે અન્યને ક્યાંથી હોય ? ૧૨૩—૧૨૬.

**વિવેચન**—શબ્દાદિક સ્વવિષયોને ઇચ્છતી એવી ઇન્દ્રિયોને સંતોષવામાં જેટલો પ્રયાસ કરવામાં આવે છે તેટલો પ્રયાસ જો સરલ ચિત્તથી એજ ઇન્દ્રિયોને દમવા માટે કરવામાં આવે તો તે બહુ ગુણકારી થઇ શકે અને એથી પ્રશમસુખ સહેજે મળી શકે. જે સુખ રાગી માણસને સકળ વિષય સામગ્રીનો સંયોગ થયે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છતે ભારે પ્રયાસથી પ્રાપ્ત થાય છે તેથી અનન્ત કોટીગણું સુખ રાગદ્વેષાદિક વિકાર રહિત મહાનુભાવ સાધુ સહેજે-વગર પ્રયાસે મેળવી શકે છે. ઇષ્ટ એવા શબ્દાદિ, પુત્રાદિ અથવા રજત સુવર્ણાદિકના વિયોગ વખતે અને અનિષ્ટના સંયોગ વખતે, ઇષ્ટનો કોઇ રીતે વિયોગ ન થાય અને અનિષ્ટ સંયોગથી જલ્દી છૂટી જવાનું બને એવી આકાંક્ષાથી ઉત્પન્ન થતું જે દુ:ખ વિષયસુખના અભિલાષીને વેદવું પડે છે તે દુ:ખ રાગદ્વેષાદિક વિકાર રહિતને વેદવું પડતું જ નથી. અર્થાત્ સમભાવી મહાશય પૂર્વોક્ત દીનતાભર્યાં દુ:ખથી તદ્દન નીરાળો રહી શકે છે. જેમના વેદ અને કષાય શાન્ત થઈ ગયા છે એટલે જેમને સ્ત્રી, પુરૂષ કે એ ઉભય સંબંધી વિષય ભોગવવાની અભિલાષાજ શમી ગઈ છે; વળી જે હાસ્ય, રતિ, અરતિ અને શોક સંબંધી વિકારથી રહિત સ્વસ્થ બન્યા છે, એટલે હાસ્યનું કારણ મળ્યે છતે પણ જ્હેને હાસ્ય આવતું નથી, પ્રિય અને અપ્રિયમાં જે સમભાવે રહે છે અને અનિત્યતાદિક ભાવનાના બળથી શોક જેનો પરાભવ કરી શકતો નથી તેમજ ભય અને દુગંચ્છા જેનાથી સદા દૂર રહે છે તે પ્રશાન્ત ચિત્તવાળા મહાનુભાવને જે સહજ આત્મસુખ પ્રાપ્ત થાય છે તે બીજા વિષયરાગી જીવોને કયાંથીજ થાય ? ૧૨૩-૨૬

વળી વિષયસુખ કરતાં પ્રશમસુખ ઘણુંજ ચઢીયાતું છે એમ દર્શાવતા છતા શાસ્ત્રકાર કહે છે:—

सम्यग्दृष्टिर्ज्ञानी ध्यानतपोबलयुतोऽप्यनुपशान्तः ।
तं लभते न गुणं यं प्रशमगुणमुपाश्रितोलभते ॥ १२७ ॥

**અર્થ**—સમ્યગ્દૃષ્ટિ ( સુશ્રદ્ધાવાન્ ), જ્ઞાની, ધ્યાન અને તપોબળ યુક્ત છતાં પણ ઉપશમરહિત સાધુ, જેવો ગુણ ઉપશમયુક્ત સાધુ પામે છે તેવો ગુણ પામી શકતો નથી. ૧૨૭.

**વિ૦**—શંકાદિ દોષ રહિત સમ્યગ્ દર્શન સંપન્ન, યથાસંભવ મતિ-શ્રુતજ્ઞાને કરી યુક્ત અને શુભધ્યાન તપોબળ સહિત છતાં જેના વિષય કષાયાદિ દોષ ઉપશાન્ત થયા નથી તે પ્રશમ ગુણવંતની પેરે નિર્મળ જ્ઞાન ચારિત્ર અને નિરાકુળતા રૂપ ઉચ્ચ ગુણને પ્રાપ્ત કરી શકતા નથી. તેથી પ્રશમસુખ મેળવવા માટેજ પ્રયત્ન કરવો. ૧૨૭.

ફરી પણ પ્રશમસુખનીજ ઉત્કર્ષતા પ્રગટ કરવા માટે શાસ્ત્રકાર કહે છે કે:—

नैवास्ति राजराजस्य तत्सुखं नैव देवराजस्य ।
यत्सुखमिहैव साधोर्लोकव्यापाररहितस्य ॥ १२८ ॥

**અર્થ**—રાજાધિરાજને તેમજ દેવના પણ દેવને એવું સુખ નથી કે જેવું સુખ લોક વ્યાપારરહિત સાધુને અહિંજ સાક્ષાત્ અનુભવાય છે ( વર્તે છે ). ૧૨૮.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિ૦—રાજાના રાજા ચક્રવર્તી અથવા વાસુદેવાદિકને પણ એવું સુખ નથી કે જેવું સુખ લોકવ્યાપાર રહિત પ્રશમરસમાં નિમગ્ન સાધુને અહીંજ મનુષ્ય જન્મમાંજ સહેજે સાંપડે છે. કેમકે તે ચક્રવર્તી પ્રમુખનું સુખ તો શબ્દાદિ સમૃદ્ધિવાળું હોય છે કે જેની અનિત્યતા–ક્ષણિકતા પૂર્વે જણાવવામાં આવી છે. વળી શબ્દાદિક વિષયો એકાન્તે સુખના હેતુરૂપ થતા નથી, કેમકે કોઈ વખતે ઈષ્ટ એવા તે પણ અનિષ્ટ થઈ પડે છે. દેવેન્દ્રનું સુખ પ્રકૃષ્ટ હોય છે તે સુખ પણ તેની ઉપરના ઈન્દ્રને અધિક સુખી દેખી અધિક સુખની ઈચ્છાથી અને મરણની ચિન્તાથી દુઃખથી ભરપૂર જ છે. અથવા સર્વ દેવોમાં ઉત્તમ હોવાથી અનુત્તર વિમાનવાસી જે દેવરાજ ત્હેને જે સુખ છે તે પણ કાળ જતાં ક્ષય પામે એવું છે અને ત્યાંથી ફરી પાછું મનુષ્ય સ્ત્રીના ગર્ભાવાસમાં આવવા સંબંધી દુઃખનું ચિંતન કરતાં ત્હેને પૂર્ણ સુખ તો નથી જ. મતલબ કે પ્રશમસુખમાંજ જેની સ્થિર ચિત્તવૃત્તિ છે ત્હેને જે સહજ સ્વાભાવિક સુખ પ્રાપ્તિ છે તે રાજરાજેશ્વર એવા ચક્રવર્તી પ્રમુખને તેમજ સર્વ દેવોમાં શિરોમણી ઈન્દ્રોને કે અનુત્તર વિમાનવાસી દેવોને પણ પ્રાપ્ત થઇ શકતું નથી. તેથી પ્રશમજનિત વાસ્તવિક સુખજ આત્માર્થીજનોએ મેળવવા યોગ્ય છે. ૧૨૮.

# योग्यायोग्य शिष्यपरीक्षा.

( આ પરીક્ષા શ્રી નંદીસૂત્રની મલયગિરિજી મહારાજ કૃત ટીકામાં બતાવેલા દૃષ્ટાંતોને આધારે પોતે તેમાંની કઇ પંક્તિમાં છે તેની ખરી સમજ શિષ્યબુદ્ધિ ધારકને પડે તેટલા માટે તેનું ગુજરાતી ભાષાંતર કરાવીને દાખલ કરવામાં આવી છે. તેથી તેનું મહત્ત્વ લક્ષમાં રાખવું. )

દરેક શાસ્ત્રની પ્રરૂપણા શિષ્યને ઉદ્દેશીને કરવામાં આવે છે. તે શિષ્યો યોગ્ય તથા અયોગ્ય એમ બે પ્રકારના હોય છે. તેમાં યોગ્ય શિષ્યને ઉદ્દેશીને શાસ્ત્રની પ્રરૂપણા કરવી ઘટિત છે, પરંતુ અયોગ્ય શિષ્યને ઉદ્દેશીને પ્રરૂપણા કરવી ઘટિત નથી. તેથી શિષ્યવર્ગમાં યોગ્ય તથા અયોગ્યનો વિભાગ ( ભેદ ) દેખાડવા માટે શ્રી નંદીસૂત્રમાં કહેલી ગાથા આ પ્રમાણે છે.

"सेलघण१ कुडग२ चालणि३ परिपूणग४ हंस५ महिस६ मेसे अ७ ।
मसग८ जलूग९ बिलारी१० जाहग११ गो१२ भेरि१३ आभीरी१४ ॥१॥"

અર્થ—શૈલ ઘન ( મગશેળીયો પથ્થર અને મેઘ ) ૧, કુટગ ( ઘડો ) ૨, ચાલણી ૩, પરિપૂર્ણક ૪, હંસ ૫, મહિષ ૬, મેષ ૭, મશક ૮, જળો ૯, બિલાડી ૧૦, જા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હુક ૧૧, ગાય ૧૨, ભેરી ૧૩ અને આભિરી ૧૪. આ ચૌદ દૃષ્ટાંત યોગ્યાયોગ્ય શિષ્યની પરીક્ષાને લગતા છે.

અહીં કોઇ શંકા કરે કે—દેવવાચક (દેવર્દ્ધિગણી ક્ષમાશ્રમણ) નામના આચાર્ય મહાપુરૂષ છે, સર્વદા સર્વ જીવો પર સમભાવ રાખનારા છે, તથા અતિ કૃપાળુ છે, અને તેથી કરીને જ તેઓ સમગ્ર પ્રાણીઓના હિતને માટે જ ઉદ્યમવંત છે. તો આ નંદીસૂત્ર નામનું અધ્યયન શિષ્યને આપવાને ઉદ્યમવંત થયા છતાં તેના પ્રારંભમાં શિષ્યની યોગ્યાયોગ્યતાનું નિરીક્ષણ કરવામાં શામાટે પ્રવર્ત્તે છે? કેમકે પરનું હિત કરવામાં પ્રવર્ત્તનારા મહાપુરૂષો મહા દાન દેવાની ઇચ્છાવાળા અને પૂર્ણ દયાળુ હોવાથી યાચકના ગુણની અપેક્ષા કરીને દાન કર્મમાં પ્રવર્ત્તતા નથી, પરંતુ વર્ષા ઋતુના મેઘની જેમ વિશેષતા રહિત (સામાન્યપણે) જ પ્રવર્ત્તે છે.

આ શંકાનો જવાબ એ છે જે—દેવવાચક આચાર્ય સર્વ જીવ ઉપર સમભાવ રાખનારા છે, સમગ્ર પ્રાણીઓનું હિત કરવામાં જ ઉદ્યમવંત છે, મહા પુરૂષ છે અને અતિ કૃપાળુ છે, તેથી કરીને જ આ શુભ અધ્યયન આપવાને ઉદ્યમવંત થયા થકા 'તે અયોગ્ય શિષ્યોને આપવાથી ઉલટી તેમને અનર્થની પ્રાપ્તિ ન થાઓ.' એમ ધારીને જ શિષ્યજનની યોગ્યાયોગ્યતા સંબંધી પરીક્ષા કરવાનો પ્રયાસ કરે છે. કોઇ પ્રશ્ન કરે કે 'અયોગ્ય શિષ્યોને આ અધ્યયન આપવાથી તેમને કેવી રીતે મોટા અનર્થની પ્રાપ્તિ થાય?' તેનો ઉત્તર કહે છે. 'અયોગ્ય શિષ્યોનો તેવા પ્રકારનો સ્વભાવ જ હોવાથી અચિંત્ય ચિંતામણિ તુલ્ય, અજ્ઞાનરૂપી અન્ધકારના સમૂહનો નાશ કરવામાં સૂર્ય સમાન અને લાખો ભવની પરંપરાથી ઉપાર્જન કરેલા કર્મ સમૂહનો નાશ કરનાર આ અધ્યયન પામીને તેઓ તેનું વિધિ પ્રમાણે સેવન કરતા નથી, ચિત્તમાં તેનું બહુ માન કરતા નથી, પરંતુ પોતાની શક્તિ પ્રમાણે ઉલટી તેની લઘુતા કરે છે, તેમજ સમય આવ્યે બીજાઓની બુદ્ધિનો પણ વિપર્યાસ કરે છે; તેથી જેમ વિધિ પ્રમાણે ધર્મનું અથવા આ શાસ્ત્રનું સેવન કરનારાઓ કલ્યાણને પામે છે, તેમ તેઓ મોટા અકલ્યાણને પામે છે.' કહ્યું છે કે—

"आमे घडे निहत्तं, जहा जलं तं घडं विणासेइ ।
इय सिद्धंतरहस्सं, अप्पाहारं विणासेइ ॥ १ ॥"

"જેમ કાચા માટીના ઘડામાં નાંખેલું જળ તે ઘડાનો વિનાશ કરે છે, તેજ રીતે સિદ્ધાન્તનું રહસ્ય અલ્પ આધારનો વિનાશ કરે છે. એટલે કે અયોગ્ય શિષ્યને આપેલું સિદ્ધાન્તનું રહસ્ય તેનો નાશ કરે છે."

ઉપર કહેલા કારણથી અયોગ્ય શિષ્યોને આ અધ્યયન આપવાથી તેઓને અનર્થની પ્રાપ્તિ થાય છે; અને તે અનર્થ વાસ્તવિક રીતે તેનું દાન કરનારા ગુરૂએ જ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કર્યો એમ કહી શકાય છે, તેથી જ પ્રારંભમાં શિષ્યની યોગ્યતા અયોગ્યતાનો વિચાર કરવામાં આવ્યો છે. ઇત્યલં વિસ્તરેણ.

ઉપર કહેલી ગાથામાં પ્રથમ અયોગ્ય શિષ્યના વિષયમાં મુદ્ગશૈલ (મગશેળીઓ પાષાણ) અને ઘન (મેઘ) નું દૃષ્ટાંત કહ્યું છે. તે દૃષ્ટાંત કલ્પિત છે. કેમકે તે બન્ને અચેતન પદાર્થ હોવાથી તે મુદ્ગશૈલ અને ઘનને અહંકાર વિગેરે કરવાનો પ્રકાર સંભવતો નથી. પરંતુ માત્ર શિષ્યની બુદ્ધિના વિકાસને માટે તે બન્નેની તથાપ્રકારની કલ્પના કરીને દૃષ્ટાંત કહેલું છે. "અહીં આવી અસત્ કલ્પના કરવી અયોગ્ય છે" એમ કોઇએ ધારવું નહીં; કેમકે આગમમાં અનેક સ્થાને કલ્પિત દૃષ્ટાંતોનો સ્વીકાર કરેલો છે. તે વિષે પૂજ્યપાદ શ્રી ભદ્રબાહુસ્વામી કહે છે કે—

"चरियं च कप्पियं वा, उदाहरणं दुविहमेव पन्नत्तं ।
अत्थस्स साहणट्ठाए, घणमिव उवणयट्ठाए. ॥ १ ॥

"એક ચરિત્ર (બનેલી હકીકત)નું અને બીજું કલ્પિત એમ બે પ્રકારના ઉદાહરણ પદાર્થને સિદ્ધ કરવા માટે તથા પાંચ શાલિના કણ આપનાર ધન્ય શેઠની જેમ ઉપનય ઉતારવા માટે શાસ્ત્રોમાં કહેલા છે."

તેથી અહીં મુદ્ગશૈલ અને ઘનનું દૃષ્ટાંત આપ્યું છે તે અયોગ્ય નથી. તે દૃષ્ટાંત આ પ્રમાણે છે.—

આ પૃથ્વીપર કોઇક ઠેકાણે ગોષ્પદ[1] નામનું એક અરણ્ય છે, તેમાં એક મગના દાણા જેવડો મુદ્ગશૈલ નામનો પર્વત છે, તેમજ જંબૂદ્વીપના પ્રમાણ જેટલો પુષ્કરાવર્ત નામે મેઘ છે. તથા મહર્ષિ નારદને સ્થાને કલહપ્રિય કોઈ ઋષિ છે. તે ઋષિ આ બન્ને (મુદ્ગશૈલ ને મેઘ) વચ્ચે કલહ ઉત્પન્ન કરાવવા માટે પ્રથમ મુદ્ગશૈલ પાસે ગયો. અને તેની પાસે જઇને તેને કહ્યું કે—"હે મુદ્ગશૈલ! કોઇક અવસરે મહા પુરૂષોની સભામાં 'મુદ્ગશૈલ જળવડે ભેદવાને અશક્ય છે' એમ મેં તારા ગુણનું વર્ણન કર્યું, તે વખતે પુષ્કરાવર્તે તારૂં નામ પણ સહન ન કર્યું. તે બોલ્યો કે—"આ અસત્ય પ્રશંસાના વચને કરીને સર્યું. અર્થાત્ એવી ખોટી પ્રશંસા ન કરો. કારણ કે જેઓ હજારો શિખરોના અગ્રભાગોએ કરીને આકાશમંડળને સ્પર્શી રહ્યા હોય છે તેવા કુળાચળાદિક પર્વતો પણ મારી મુશળધારાની વૃષ્ટિ પડવાથી સેંકડો પ્રકારે ભેદ પામે છે, (જમીનદોસ્ત થઇ જાય છે) તો પછી જે માત્ર મારી એક

૧ ગોષ્પદ—ગાયના પગલાં જેવડું છતાં અરણ્ય અને મગના દાણા જેવડો છતાં પર્વત અને એક મગના દાણા જેવડા મુદ્ગશૈલને પલાળવા માટે છતાં જંબુદ્વીપ જેવડો મેઘ—જે કહેલ છે તે સર્વ અલંકારિક સમજવું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ ધારાના પડવાને પણ સહન ન કરી શકે એવો તે બિચારો મુદ્દગશૈલ તે શી ગણતરીમાં ?" આ પ્રમાણેનાં વચનોવડે તેણે ઉશ્કેરેલા મુદ્દગશૈલનો કોપાગ્નિ જાજ્વલ્યમાન થયો, અને તે અહંકારપૂર્વક બોલ્યો કે—"હે મહર્ષિ ! અહીં પરોક્ષમાં તેના સંબંધે ઘણું કહેવાથી શું ? મારૂં એકજ વચન સાંભળો. જો તે દુરાત્મા પુષ્કરાવર્ત્ત સાત રાત્રિદિવસ સુધી વર્ષા કરે અને મારો એક તલના ફોતરાંના હજારમો ભાગ માત્ર પણ ભેદાય તો હું મારા મુદ્દગશૈલ નામને જ ધારણ ન કરૂં." આ પ્રમાણે મુદ્દગશૈલના વચનો ચિત્તમાં રાખીને તે ઋષિ કલહ ઉત્પન્ન કરવા માટે પુષ્કરાવર્ત્ત મેઘ પાસે ગયા, અને તેને મુદ્દગશૈલનાં સમગ્ર વચનો ઉત્કર્ષ ( અતિશયોક્તિ ) સહિત કહ્યાં. તે વચનો સાંભળીને તેને અત્યંત કોપ થયો. તેથી તે કઠોર વચનો બોલવા લાગ્યો કે—"અહો તે દુષ્ટ શંકડો પોતાના આત્માને પણ જાણતો નથી, કે જે આ પ્રમાણે મારો પણ તિરસ્કાર કરે છે ?" એમ બોલીને પછી તે પોતાના સર્વ બળથી સાત રાત્રિદિવસ સુધી નિરંતર મુશળ પ્રમાણ જળધારાપૂર્વક વર્ષવા લાગ્યો. સાત રાત્રિદિવસ નિરંતર વૃષ્ટિ થવાથી સમગ્ર પૃથ્વીમંડળ જળનિમગ્ન થયું. ત્યારપછી એક સમુદ્રરૂપજ આખું વિશ્વ જોઈને પુષ્કરાવર્ત્તે વિચાર્યું કે–" તે શંકડો મૂળસહિત હણાઇ ગયો હશે." એમ ધારીને તેણે વર્ષવું બંધ કર્યું. અનુક્રમે જળનો સમૂહ દૂર થયો, ત્યારે પુષ્કરાવર્તે હર્ષથી પેલા ઋષિને કહ્યું કે—"હે ઋષિ ! તે શંકડો કઇ અવસ્થાને પામ્યો છે ? તે આપણે બન્ને સાથે જ જઈને જોઇએ." પછી તે બન્ને સાથે મુદ્દગશૈલની સમીપે ગયા. ત્યારે તે મુદ્દગશૈલ પ્રથમ તો તેનું ધૂળથી ધૂસર શરીર હોવાથી મંદ મંદ પ્રકાશતો હતો અને હમણાં તો તે ધૂળ પણ દૂર થવાથી અત્યંત પ્રકાશમાન દેખાવા લાગ્યો. પછી ચકચકિતપણાને ધારણ કરતો તે મુદ્દગશૈલ જાણે હસતો હોય તેમ તે ઋષિ અને પુષ્કરાવર્તને આવતાં જોઇને બોલ્યો કે—"પધારો, પધારો, તમે ભલે પધાર્યા. અહો અમે અત્યંત પુણ્ય કર્યું હશે કે જેથી અચિંતિત સુવર્ણ વૃષ્ટિની જેમ આપનું અચિંતિત દર્શન મારા મનને આનંદદાયક થયું." આ પ્રમાણે તેના કહેવાથી પોતાને પ્રતિજ્ઞાભ્રષ્ટ થયેલ જાણીને પુષ્કરાવર્ત્ત મેઘની કંધરા, મસ્તક અને નેત્રો લજ્જાથી નીચા નમી ગયાં અને તેને જેવો તેવો જવાબ આપીને તે પોતાને સ્થાને ગયો.

આ દૃષ્ટાંતનો ઉપનય આ પ્રમાણે જાણવો.—મુદ્દગશૈલની જેવા કોઇક શિષ્ય જાણવો. તેને નિરંતર યત્નપૂર્વક ભણાવ્યા છતાં પણ તેને એક શબ્દનું પણ જ્ઞાન થયું નહીં. તેથી 'આ અયોગ્ય છે' એમ જાણીને તેના આચાર્યે તેની ભણાવવામાં ઉપેક્ષા કરી. તેને તે પ્રકારે ઉપેક્ષા કરેલો જાણીને કોઇ બીજા આચાર્ય કે જેનું નવા યૌવનના વેગના વશથી મોટું બળ અને પરાક્રમ વિકાસ પામતું હતું, અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેથી કરીનેજ વ્યાખ્યાનના શ્રમને નહીં ગણકારતા હતા, તેમણે યુવાવસ્થાના મદથી ગુણાગુણના વિવેકનો વિચાર કર્યા વિનાજ કહ્યું કે—"આ શિષ્યને હું ભણાવીને પ્રૌઢ કરીશ." વળી તે યુવાન આચાર્ય લોકોની પાસે પણ આ પ્રમાણેનો સુભાષિત શ્લોક બોલતા હતા કે—

"आचार्यस्यैव तज्जाड्यं, यच्छिष्यो नावबुध्यते ।
गावो गोपालकेनैव, कुतीर्थेनावतारिताः ॥ १ ॥"

"શિષ્યને જે બોધ થતો નથી, તેમાં આચાર્યનીજ જડતા છે, એમ જાણવું. કેમકે ગોવાળેજ ગાયોને કુતીર્થે (ખરાબ આરામાં) ઉતારી કહેવાય છે. અર્થાત્ ગાયો જો કદાચ પાણીના દુર્ગમ આરે ઉતરે અને તેથી ખુંચી જાય કે હેરાન થાય તો તેમાં ગોવાળનોજ દોષ ગણાય છે, ગાયોનો ગણાતો નથી. તેમ શિષ્યને જો બોધ ન થાય તો તેમાં આચાર્યનોજ દોષ છે, પણ શિષ્યનો નથી."

પછી તે યુવાન આચાર્યે અત્યંત કાળજી પૂર્વક તેને ભણાવવા માંડ્યો. પરંતુ તે તો મુદ્ગશૈલની જેમ ન ભણવાની દૃઢ પ્રતિજ્ઞાવાળો હોવાથી તેના ચિત્તમાં એક શબ્દ માત્ર પણ પરિણમ્યો નહીં. ત્યારે પોતાની શક્તિ ક્ષીણ થવાથી (ન ચાલી શકવાથી) પોતે પ્રતિજ્ઞાથી ભ્રષ્ટ થયા એમ જાણીને તે લજ્જા પામ્યા. પછી જેવો તેવો ઉત્તર આપીને તે આચાર્ય તે સ્થાનથી અન્યત્ર ચાલ્યા ગયા. માટે આવા પ્રકારના શિષ્યને આ અધ્યયન આપવું નહીં. કેમકે વન્ધ્યા ગાયને તેના મસ્તકે, શીંગડે, મોઢે, પૂંછડે, પીઠ ઉપર અને ઉદર વિગેરે સર્વ અવયવો ઉપર સ્નેહપૂર્વક સ્પર્શ કરીએ–હાથ ફેરવી પંપાળીએ તો પણ તેનો તેવો સ્વભાવજ હોવાથી તે દૂધ આપતી નથી. એજ પ્રમાણે આ શિષ્યને પણ સારી રીતે ભણાવ્યા છતાં પણ તેને એક શબ્દ માત્ર પણ આવડતો નથી. તેથી તેનો કાંઈ પણ ઉપકાર થતો નથી. વળી તેનો ઉપકાર થતો નથી તે તો દૂર રહો, પણ ઉલટી આચાર્યની તથા સૂત્રની અપકીર્તિ પણ થાય છે કે–"આચાર્યનું વ્યાખ્યાન આપવામાં સારૂં કુશળપણું નહીં હોય તથા આ અધ્યયન પણ સારૂં (અસરકારક) નહીં હોય, નહીં તો આ શિષ્ય કેમ ન સમજે?" વળી બીજો અનર્થ એ થાય છે કે–તેવા પ્રકારના કુશિષ્યને ભણાવવામાં તેને તથાપ્રકારનો બોધ નહીં થવાથી ઉત્તરોત્તર અન્ય સૂત્ર અને અર્થ ભણવામાં પણ તેનો પ્રવેશ થતો નથી, અને તેથી કરીને શાસ્ત્રાંતરોમાં રહેલા સમગ્ર સૂત્ર અને અર્થો પણ નાશ પામે છે, અને બીજા બુદ્ધિમાન્ શ્રોતા (અભ્યાસી) ઓને પણ ઉત્તરોત્તર સૂત્ર અને અર્થના અવગાહનની હાનિ પ્રાપ્ત થાય છે. તે વિષે ભાષ્યકારે કહ્યું છે કે—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ધાર્મિક કેળવણી.

## દશમી શ્રી જૈન કોન્ફરન્સમાં અપાયેલ ભાષણ.

પ્રિય ધર્મબંધુઓ ! આજે આપણે ઘણા હર્ષદાયક પ્રસંગે એકઠા મળ્યા છીએ. આવા પ્રસંગો વારંવાર મળતા નથી. આપણી કોમની ઉન્નતિને માટે આવાં અધિવેશન કરવાની ખાસ આવશ્યકતા છે. આપણી ઉન્નતિ થવાને માટે ખરેખરૂં પ્રબળ સાધન આપણામાં વ્યવહારિક અને ધાર્મિક કેળવણીની વૃદ્ધિ કરવી તેજ છે. વ્યવહારિક કેળવણીના અનેક પ્રકારો છે. તેની અંદર આજીવિકા ચલાવવાનો ખાસ હેતુ હોવાથી ઓછી કે વધતી તે કેળવણી તો દરેક માણસને લેવીજ પડે છે. તેમાં પણ વર્તમાન સમય એવા પ્રકારનો છે કે પ્રથમની જેમ હવે ગુજરાતી પણ પૂરૂં નહીં ભણેલાઓ લાખો રૂપીઆ મેળવતા હતા તેમ બનવું બહુ મુશ્કેલ છે. તે કેળવણીની અંદર આગળ વધેલાની સંખ્યા વધારવાની આવશ્યકતા ખાસ કરીને એટલા માટે છે કે તેઓ જો સારા હોદ્દા ઉપર અથવા તો ઉચ્ચ સ્થિતિ ઉપર આવે તો ઘણા જૈન બંધુઓનો ઉદ્ધાર કરી શકે. તેટલા માટેજ આપણે તે સંબંધમાં પ્રેરણા કરીએ છીએ. પરંતુ તેની અંદર ખરેખરૂં ધ્યાન રાખવાનું એ છે કે વ્યવહારિક કેળવણીમાં આગળ વધે તેની સાથે ધાર્મિક શ્રદ્ધા તેમજ વર્તનમાં પણ વધવું જોઇએ. જો વ્યવહારિક કેળવણીમાં આગળ વધે અને ધર્મશ્રદ્ધા નાશ પામે, વર્તન ધર્મ વિરૂદ્ધ થઇ જાય તો તે કેળવણી જૈન તરીકે બીલકુલ કામની નથી. તે તો ઉલટી ભારભૂત છે અને ભવવૃદ્ધિ કરનારી છે. એટલુંજ નહીં પણ જો ધર્મશ્રદ્ધા નાશ પામે તો તેનું ખાસ જીવન જે છે તે જતું રહે છે એટલે જીવ વિનાના શરીર જેવી તેની સ્થિતિ છે. એવા કેળવાયેલાને આપણે જૈન પણ કેમ કહીએ અને તેવા ભણેલાઓથી જૈન કોમની ઉન્નતિ પણ શી રીતે થાય ? આવાંજ કારણથી આપણી માનવંતી કોન્ફરન્સે ધાર્મિક કેળવણીને અગ્રપદ આપ્યું છે. અને તેની આવશ્યકતાનો સ્વીકાર કરાવવા માટે તે સંબંધી પ્રથમ ઠરાવ આપની સમક્ષ રજુ કરવાનું કામ મને સોંપવામાં આવ્યું છે.[1]

આ ઠરાવ રજુ કરતાં હું આપ સાહેબોને ખાસ નિવેદન કરૂં છું કે ધાર્મિક કેળવણીની આવશ્યકતા અમુક વયે શરૂ થતી નથી પણ જન્મની સાથેજ થાય છે. તેથી ત્યારથી તેની શરૂઆત કરવા યોગ્ય છે. બાળકના શરીરની વૃદ્ધિને માટે જેમ દુગ્ધાદિકનું પોષણ આપવામાં આવે છે તેમ માતાપિતાએ બાળવયથી ધાર્મિક

૧ આ ઠરાવ પ્રથમ છપાયેલ છે—જુઓ અંક ૨ જો. પૃષ્ટ ૮.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિચારો શબ્દથી અને વર્તનથી બાળકને સમજાવવા જોઈએ, તેનું સીંચન કરવું જોઇએ. બાળકને ધર્મશ્રદ્ધાવાળું કરવા ઇચ્છનારા માબાપોએ પોતે પ્રથમ ધાર્મિક વર્ત્તનવાળા થવું જોઇએ. બાળક જેવું જોશે તેવું થશે. તમે જો તેની બાલ્યાવસ્થામાં તેને અજ્ઞાન સમજીને પણ ધર્મવિરૂદ્ધ વર્ત્તન કરશો તો તેની તેવી છાપ બાળક ઉપર પડ્યા વિના રહેશે નહિ. તેથી ઉત્તમ માબાપોએ ખરેખરૂં સદ્વર્ત્તન રાખવું જોઈએ. જે કુટુંબમાં ભક્ષ્યાભક્ષ્યનો, પેયાપેયનો, કૃત્યાકૃત્યનો વિવેક હોય છે તે કુટુંબના બાળકો પ્રાયે તેવા વિવેકવાળાજ થાય છે, માત્ર આગળઉપર માઠી સંગતિનો ચેપ ન લાગે તેટલીજ તેને માટે સાવચેતી રાખવાની જરૂર છે.

આ મનુષ્ય જીંદગીનું સાધ્યબિન્દુ–કેન્દ્રસ્થાન ધર્મજ છે. તેનાવડેજ મનુષ્યમાં મનુષ્યત્વ આવે છે. બે હાથ બે પગ વિગેરે અંગોપાંગવડે મનુષ્યાકૃતિ હોવાથી તે મનુષ્ય કહેવાતો નથી, પરંતુ તેનામાં મનુષ્યત્વ હોવાની જરૂર છે. તેનાવડેજ તે મનુષ્ય કહેવાય છે. આહાર, મૈથુનાદિ તો પશુઓ પણ કરે છે. તેની જેમ ખાવા પીવામાં આનંદ માનનારા અને ઇંદ્રિયોના વિષયમાં ચકચૂર બની સંતતિની વૃદ્ધિ કરનારા મનુષ્યો મનુષ્ય સંજ્ઞાને લાયક નથી; મનુષ્ય સંજ્ઞાને લાયક તો તે છે કે જેઓ ધાર્મિક વર્તનવડે પોતાના મનુષ્યજન્મને સફળ કરે છે. આ દુનીઆમાં અનેક મનુષ્યો જન્મે છે ને મરે છે પણ તેની કોઈ ગણુના કરતું નથી, કારણ કે બહોળો ભાગ તો મનુષ્યજન્મ પામી પ્રથમ મેળવેલ પુણ્ય ભોગવી–પુંજી ગુમાવી બેસી ખાલી હાથે પાપનો પુંજ સાથે લઇને ચાલ્યા જાય છે, અને પછી પશુ વિગેરેની હલકી જીંદગી ભોગવે છે. બહુ અલ્પ મનુષ્યોજ માબાપ તરફથી ધાર્મિક સંસ્કારો પામી, ધાર્મિક કેળવણી સારી રીતે લઇ, ધર્મ સંબંધી જ્ઞાન મેળવી, તેનાવડે શ્રદ્ધા દૃઢ કરી વર્તન શુદ્ધ રાખી સદ્‌ગતિના ભાજન થાય છે.

અહીં મારે કહેવું જોઇએ કે માત્ર અમુક ધાર્મિક સૂત્રોનો અક્ષરમાત્ર અભ્યાસ કરવો તેનું નામ ધાર્મિક કેળવણી નથી, ધાર્મિક કેળવણી તે ખાસ જુદીજ વસ્તુ છે. અનેક શાસ્ત્રો તેના સાધન છે. તે શાસ્ત્રોનો પોતાની યોગ્યતા અનુસાર ગુરૂ સમીપે અભ્યાસ કરી તેનું રહસ્ય સમજવું તે ધાર્મિક કેળવણી છે. આપણા ઉછરતી વયના બંધુઓ વ્યવહારિક કેળવણી કે જે માત્ર આજીવિકાને માટે અથવા દ્રવ્યની પેટીઓ કે તેજુરીઓ ભરવા માટેજ ઉપયોગી છે તે મેળવવા માટે વર્ષોના વર્ષો ગાળે છે. ગુજરાતીમાં ૫–૭ વર્ષ, મેટ્રીક સુધીના ૭ વર્ષ, ગ્રેજ્યુએટ થવાના ૪ વર્ષ, એમ લગભગ ૧૮ કે ૨૦ વર્ષ ગાળે છે, ત્યારે ધાર્મિક કેળવણી માટે તેટલા માસ પણ ગાળતા નથી. હું ખાત્રીથી કહી શકું છું કે ગ્રેજ્યુએટ થવા જેવી બુદ્ધિવાળા વિદ્યાર્થી જો બે વર્ષ ધાર્મિક અભ્યાસ કરવામાં વ્યતીત કરે અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બી. એ. ના અભ્યાસ જેટલો પ્રયાસ કરે તો તે અપૂર્વ વિદ્વાન્ થઇ શકે પરંતુ તેટલો તેના પ્રત્યે ભાવ કયાં છે ? ખામીજ તેની છે.

અત્યારે તો ઘણા બંધુઓ એવો પ્રશ્ન કરતા આવે છે કે–' ધર્મ સંબંધી એક એવી બુક કે શાસ્ત્ર બતાવો કે જેથી અમે ધર્મ સંબંધી તમામ જ્ઞાન મેળવી શકીએ.' હું તેમને સામો પ્રશ્ન કરૂં છું કે ' યુનીવર્સીટીની બી. એ. ની ડીગ્રી મેળવવા માટે કોઇ એક બુકનીજ માગણી કરે તો તમે તે બતાવી શકશો ? નહીં બતાવી શકો, તમે કહેશો કે, ક્રમથી અભ્યાસ કરતો આવીશ તો બી. એ. થઇ શકીશ. એક બુક વાંચવાથી બી. એ. થઇ શકાશે નહીં.' ધાર્મિક કેળવણી માટે પણ તે રીતેજ સમજવું. તેને માટે તેના વિદ્વાનો બતાવે તે ક્રમથી તેનો અભ્યાસ કરવો જોઇએ. તોજ ધાર્મિક યુનીવર્સિટીના બી. એ. થઇ શકાય.

બંધુઓ ! વ્યવહારિક કેળવણી ભવની વૃદ્ધિ માટે છે ત્યારે ધાર્મિક કેળવણી સંસારની ક્ષતિ માટે છે. તેથી ભવભીરૂ મનુષ્યે તે લેવાની ખાસ આવશ્યકતા છે. દ્રવ્ય પ્રાપ્તિની અપેક્ષા હશે તો તે પણ તેથી મળી શકશે કારણ કે ધાર્મિક કેળવણી લેનારનું વર્તન ખરેખરૂં શુદ્ધ, સત્યપરાયણ, પ્રમાણિકતાવાળું અને શ્રેષ્ઠ પંકિતનું હોય છે. જો તેવું વર્તન ન હોય તો તેણે ધાર્મિક કેળવણી લીધીજ નથી એમ માનવું. તેનો તમામ અભ્યાસ વંધ્યજ સમજવો. કારણ કે જ્ઞાનનું ફળ વિરતિ છે અને વિરતિ તે સદાચરણરૂપજ છે. તથાપ્રકારના સદાચરણથી–પ્રમાણિકપણાથી લાભાંતરાય નાશ પામે છે અને તેથી આ ભવમાં ને પરભવમાં સુખસંપત્તિ પણ પ્રાપ્ત થાય છે.

અહીં એક હકીકત ખાસ એ કહેવાની છે કે–ધાર્મિક અભ્યાસ કરવામાં અધિકારની મુખ્યતા છે, જે જેનો અધિકારી હોય છે તેજ તેનો અભ્યાસ કરી શકે છે. અધિકારી બન્યા વિનાનો અભ્યાસ કરવા જાય છે તો લાભને બદલે હાનિ મેળવે છે. જુઓ ! રસાયન એવી વસ્તુ છે કે શરીરને પુષ્ટ કરે છે, પણ કોઇ વ્યાધિગ્રસ્ત માણસ જો સ્વેચ્છાએ તેનું સેવન કરે છે તો તે નિરોગી અથવા પુષ્ટ થવાને બદલે પ્રાણસંશયવાળી સ્થિતિમાં આવી પડે છે. ધાર્મિક અભ્યાસ માટે એ દૃષ્ટાંત ધ્યાનમાં રાખવું. **શ્રીનંદીસૂત્રના** પ્રારંભમાં ' શિષ્યના યોગ્યાયોગ્યપણાની પરીક્ષા કરીને પછી આ શાસ્ત્ર શીખવવું ' એમ કહેતાં શિષ્યે શંકા કરી છે કે–' ગુરૂ તો એકાંત ઉપકારી છે, તેની તો સર્વની ઉપર સમાન વૃત્તિ છે, તો પછી તેમાં યોગ્યાયોગ્યની પરીક્ષા શા માટે કરવી જોઇએ, તેમણે તો સર્વની ઉપર ઉપકાર કરવો જોઇએ. જુઓ, વરસાદ વરસતી વખતે સ્થાન અસ્થાન જુએ છે ? જોતો નથી. કારણ કે તે સર્વની ઉપર સમાન ભાવવાળો છે.' ગુરૂ તેને ઉત્તરમાં કહે છે કે–" મહાનુભાવ !

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સર્વની ઉપર ઉપકારબુદ્ધિ હોવાથી જ આ પરીક્ષા કરવાની જરૂર પડી છે. કેમકે નાડી પરીક્ષા કર્યા વિના સર્વ દરદીઓને જો એક સરખું ઔષધ આપવામાં આવે તો આરામ થોડાને થાય ને વિનાશ ઘણાનો થાય. તેથી સર્વને આરામ કરવા માટેજ નાડી પરીક્ષા કરી વ્યાધિ ઓળખીને પછી દરેકને યોગ્ય ઔષધ યોગ્ય અનુપાન સાથે ખાવાનું કહેવામાં આવે છે, એજ પ્રમાણે ગુરૂ પણ સર્વની ઉપર સમાન ભાવવાળા હોવાથી સર્વના હિતને માટે યોગ્યતા અનુસાર અભ્યાસ કરાવે છે અથવા કરવાનું બતાવે છે. ”

બંધુઓ ! આપણે ધાર્મિક વર્તન સિવાયના, ધર્મવિરૂદ્ધ વર્તનવાળા, ભક્ષ્યાભક્ષ્યના કે પેયાપેયના વિવેક વિનાના માત્ર નામથી જૈન કહેવાતા વ્યવહારિક કેળવણી લેનારાઓથી ખુશી થવાનું નથી, તેઓ આપણા કામનાજ નથી, તે ઉપર હું **આર્યરક્ષિતનું** નાનુંસરખું દૃષ્ટાંત આપી મારૂં ભાષણ સમાપ્ત કરીશ. આર્યરક્ષિત બ્રાહ્મણના કુળમાં ઉત્પન્ન થયેલા હોવાથી તે **કાશી** વિદ્યાભ્યાસ કરવા ગયેલ, ત્યાં સંપૂર્ણ વિદ્યાભ્યાસ કરી, મહાન્ વિદ્વાન્ થઇને પોતાને નગરે આવતાં ત્યાંના રાજાએ મોટા આડંબર સાથે હાથી ઉપર બેસાડીને તેને નગરપ્રવેશ કરાવ્યો. ઘણું સન્માન આપ્યું. નગરજનો પણ હર્ષિત થયા. તે આવું સન્માન મેળવી પોતાને ઘરે આવ્યો. પોતાની માતાના ચરણમાં પડ્યો, માતાએ ખુશીખબર પૂછ્યા, પણ તેને હર્ષિત થયેલ ન જોઇ, તેથી આર્યરક્ષિતે પૂછ્યું કે-‘હે માતા ! મારા વિદ્વાન્ થઇને આવવાથી તમામ માણસો ખુશી થયા ને તમે કેમ ખુશી થયા નહીં ?’ માતાએ કહ્યું કે–‘ હે પુત્ર ! તું સંસારની વૃદ્ધિ કરે એવી વિદ્યા ભણીને આવ્યો તેમાં હું કેમ ખુશી થાઉં ?’ પુત્રે પૂછ્યું કે–‘ ત્યારે હું શું ભણું કે જેથી તમે ખુશી થાઓ ?’ માતાએ કહ્યું કે– ‘ દ્વાદશાંગી ભણે તો હું ખુશી થાઉં કે જેથી તારો સંસાર પરિત્ત થઈ જાય. ’ પુત્રે પૂછ્યું કે–‘ તેના ભણાવનાર કોણ છે ને કયાં છે ?’ માતાએ કહ્યું કે–‘ તારા મામા અમુક સ્થળે છે તે ભણાવશે. ’ પુત્ર વગર વિલંબે તેમની પાસે ગયો અને વંદના નમસ્કાર કરીને વિનયપૂર્વક દ્વાદશાંગી ભણાવવા વિજ્ઞપ્તિ કરી. ગુરૂએ કહ્યું કે–‘ દ્વાદશાંગીનો અભ્યાસ કરવો હશે તો મુનિપણું અંગીકાર કરવુ પડશે. ’ આર્યરક્ષિતે તો માતા પાસે પ્રતિજ્ઞા કરી હતી કે દ્વાદશાંગી ભણી આવીને તમને પ્રસન્ન કરીશ. એટલે તેણે મુનિપણું સ્વીકાર્યું. અને અભ્યાસ કરવા માંડ્યો. અનુક્રમે સાડાનવ પૂર્વ ભણ્યા. ચારિત્રમાં સ્થિર થઈ ગયા. સમકિત નિશ્ચળ થયું અને શાસનની અનેક પ્રકારે ઉન્નતિ કરી. આ દૃષ્ટાંત ઉપરથી સાર એ લેવાનો છે કે વ્યવહારિક સાથે ધાર્મિક કેળવણી લઇને ધાર્મિક શ્રદ્ધા જેની દૃઢ થઈ હોય, અને જેનું વર્તન જૈન ધર્મ વિરૂદ્ધ ન હોય તેને જોઇનેજ આપણે રાજી થવાનું છે અને તેજ ખરા જૈન છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છેવટે ભાષણ સમાપ્ત કરતાં આ ઠરાવના શબ્દો તરફ સર્વે બંધુઓનું ફરીને ધ્યાન ખેંચું છું, તેની આવશ્યકતા લક્ષ્યપર લાવું છું અને મનુષ્યજન્મ સફળ કરવા માટે ધાર્મિક કેળવણી યોગ્ય રીતે સંપાદન કરવા તેમજ વર્તન વિશુદ્ધ રાખવા આગ્રહ કરી તે તરફ આપની વૃત્તિને આકર્ષી બેસી જવાની રજા લઉં છું.

કુંવરજી આણંદજી.

# મ્હારું ૩૨ મું વર્ષ.

મારો જન્મ થયાને ૩૧ વર્ષ પુરાં થઈ ૩૨ મું વર્ષ ચૈત્રના અંકથી શરૂ થાય છે. કાળનું સ્વરૂપ વિસ્મયકારી છે! કાળ એટલો તો જલ્દી પસાર થાય છે કે તેવી ઝડપનું સ્વરૂપ સ્થૂળ દૃષ્ટિથી જોનારના ધ્યાનમાં આવતું નથી. જીવો જન્મે છે, બાળ, યુવાન, તરૂણ થઈ વૃદ્ધાવસ્થા સુધી પહોંચી આયુષ કર્મના દળીયાં ખપાવી, જીવન પૂર્ણ કરે છે, તો પણ તેના ધ્યાનમાં રહેતું નથી કે આટલો બધો કાળ ક્યાં ગયો? જીવનનું સાધ્ય ધ્યાનમાં રાખી જીવન ગાળનાર મનુષ્યભવની સફળતા કરી શકે છે, નહીં તો જેમ અનંત ભુતકાળમાં અનંતા જીવો ગયા તેનો કંઇ પત્તો જણાતો નથી, તેમ તેમાં પોતે પણ હોમાઈ ભવભ્રમણ કરે છે.

મનુષ્યજીવનની દુર્લભતા ધ્યાનમાં લઇ પ્રાપ્તસ્થિતિથી ઉચ્ચ કોટીમાં આવવાને જીવનકાળમાં ઘણી સંધીઓ પ્રાપ્ત થાય છે, તે સંધીઓનો સદુપયોગ કરનારને જીવનની સફળતા સમજાય છે, પ્રાપ્ત થયેલી સંધીઓ ગુમાવનારને છેલ્લે દીલગીર થવું પડે છે, તે વખતે પોતાની ભૂલોનું તેને ભાન થાય છે, પણ છેવટની ઘડીએ તેનો કંઈ ઈલાજ હોતો નથી.

મારા જીવનના શરૂ કાળથી મારૂં સાધ્ય મારા વાંચકોમાં જૈન ધર્મના સિદ્ધાંતોનો પ્રકાશ કરવો એ છે. એ સાધ્યની સાધના કરવામાં બનતો પ્રયત્ન કરવામાં આવ્યો છે કે કેમ? તે મારે જાતે આત્મશ્લાઘા રૂપે કહેવા કરતાં તેનો વિચાર કરવાનું વાંચકોની મુનસફી ઉપર સોંપવું એ વધારે સારૂં લાગે છે.

આ પ્રસંગે એક વાત ખાસ ધ્યાન ઉપર આવે છે, તેથી મહારા સાધ્યની યથાર્થ સિદ્ધિ થયાનો દાવો હું કરી શકું એમ મને લાગતું નથી. કારણકે જૈન પ્રજામાં મિથ્યાત્વનું જોર એટલું બધું વધેલું છે કે તેને હઠાવવાને વર્તમાનમાં જે પ્રયત્ન કરવામાં આવે છે, તેના કરતાં હજારગણો વધુ પ્રયત્ન થવાની જરૂર છે. જૈન પ્રજા વ્યવહારિક કેળવણીમાં બીજાઓની અપેક્ષાએ ઘણી પાછળ છે, ધાર્મિક જ્ઞાનની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બાબતમાં વસ્તીની સંખ્યાના પ્રમાણમાં ટકાવારી કાઢીશું તો જણાશે કે પ્રમાણ ઘણું ઓછું છે.

જૈન પ્રજા ધર્મકાર્ય નિમિત્તે પોતાના ધનનો વ્યય કરવામાં પાછળ છે એમ મ્હારૂં માનવું નથી. પણ દરેક કાર્યને દ્રવ્ય, ક્ષેત્ર, કાળ જોઇ વધતું ઓછું મહત્ત્વ અપાય છે. સાત ક્ષેત્રમાં જે વખતે જે ક્ષેત્ર સીદાતું હોય તે વખતે તે ક્ષેત્ર ઉન્નત સ્થિતિમાં લાવવું જોઇએ, એ તત્ત્વ ધ્યાનમાં રાખીને વર્તવામાં આવતું હોય એમ જણાતું નથી.

ધાર્મિક જ્ઞાન પ્રાપ્ત કરવું અને તે પ્રાપ્ત કરવાને માટે બીજાઓને પ્રેરણા કરવી એ માટે જેટલો પ્રયાસ થવો જોઇએ તેટલો થતો નથી. ઘરખટલાની વ્યવસ્થામાં પ્રથમ કરતાં ઘણો ખર્ચ વધી ગયો છે, એમ કહેવામાં આવે છે એ વાત ખરી છે, મોજશોખનો ખર્ચ પ્રથમના કરતાં ઘણો વધી ગયો છે. તેમજ જમાનાને અનુસરીને મોંઘવારી વિગેરેથી પણ વાર્ષિક ખર્ચના આંકડાઓ વધી ગયેલા છે, પણ તેમાં પોતાની જાતના અને કુટુંબના જ્ઞાનના વધારા ખાતે કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે, તે જો તપાસવામાં આવશે તો તે ખાતે કંઈ પણ ખર્ચ થયેલો જણાશે નહી, અથવા બહુ અલ્પ જણાશે.

મ્હારો જન્મ થયાને ૩૧ વર્ષ પૂરાં થઈ ગયા છતાં હજુ સમાજનો ઘણો ભાગ મારા પરિચયથી અજ્ઞાત્ત છે, કિંમતના પ્રમાણમાં વાંચકના જાણવામાં ઘણી ઘણી બાબતો આવે તેને માટે મારા પોષકો ઘણો પ્રયત્ન કરે છે, છતાં તેનો લાભ લેનાર પ્રમાણમાં ઘણાજ થોડા છે, એમ કહ્યા સિવાય છુટકો નથી. વસ્તી અને કિંમતના પ્રમાણમાં લગભગ દશ હજાર ગ્રાહક જો હોય તો પણ તે વધારે છે, એમ કહેવાય નહીં, છતાં સમુદ્રમાં એક ટીપાંની જેટલા મારા ગ્રાહક છે, એ પ્રમાણમાં પૂરતી સંખ્યા છે એમ મનાશે?

ખેર જેટલી સંખ્યા છે, તે તમામ પોતે જાતે માસીકને મન દઇ વાંચી યથાશક્તિ તેનો લાભ લે છે, એમ પણ કહેવાય તેમ નથી, કેટલાક શ્રીમંતોથી તો પોષ્ટમાંથી મારો અંક આવ્યા પછી તે ફોડી અંદર શા શા વિષયો છે, એ જોવાને પણ તસ્દી લેવાતી નથી, તો પછી વાંચવાનો ને બીજાઓને વંચાવવાનો ઉપદેશ કરવાની તો વાત ક્યાંથીજ હોય!! શું આ સ્થિતિ ખેદકારક નથી?

આ ક્ષેત્રમાં આ કાળમાં પ્રાયઃ જિનપ્રતિમા અને શ્રુત જ્ઞાનનોજ પ્રાણીઓને આધાર છે, શ્રુતજ્ઞાન સાધ્ય છે, અને મતિજ્ઞાન સાધન છે, જેમ જેમ મતિજ્ઞાનની નિર્મળતા તેમ તેમ શ્રુતજ્ઞાન સારી રીતે સાધ્ય થઈ શકે છે, સમ્યગ્ જ્ઞાન સિવાય મતિ અને શ્રુત એ અજ્ઞાનમાં ખપે છે, તેથી સમ્યગ્ જ્ઞાનની પ્રાપ્તિને માટે પ્રાણીઓને ઉત્સા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હુવાન્ બનાવવા, તેઓ તેના ખપી થાય તેને માટે થાય એટલો પ્રયાસ કરવો, એવી મારી ધારણા સફળ કરવાનો આધાર વાંચકોની જીજ્ઞાસા ઉપર છે.

મતિજ્ઞાનના બે પ્રકાર છે. એક શ્રુતનિશ્રિત, અને બીજું અશ્રુતનિશ્રિત, શ્રુતનિશ્રિતના ૨૮ ભેદ છે, અને અશ્રુતનિશ્રિતના ૪ ભેદ છે, તે મળીને ૩૨ ભેદ થાય છે, બીજી રીતે તેના ૩૪૦ ભેદ થાય છે, પણ મુખ્ય ભેદ ૩૨ છે, આ મારા ૩૨ મા વર્ષની શરૂઆતમાં તે ૩૨ ભેદનું જ્ઞાન વાંચકોને આપવું એ અસ્થાને ગણાશે નહિ.

મતિજ્ઞાન પાંચ ઇંદ્રિય અને છઠ્ઠા મનથી થાય છે. અવગ્રહ, ઈહિા, અપાય, અને ધારણા એ ચાર ભેદ પૈકી અવગ્રહના વ્યંજનાવગ્રહ અને અર્થાવગ્રહ એ બે પેટા ભેદ પડે છે. વ્યંજનાવગ્રહના જ્ઞાનને ચક્ષુ ઇંદ્રિય અને મનની મદદ કરવાની જરૂર પડતી નથી, તેથી બાકીની ચાર ઇંદ્રિયોનો તે વિષય છે. અર્થાવગ્રહ, ઇહા, અપાય અને ધારણા એનો સંબંધ પાંચ ઈંદ્રિયો અને છઠ્ઠા મન સાથે છે, એટલે એ ચારની સાથે છ નો સંબંધ હોવાથી તેના ૨૪ ભેદ થાય છે, તેની સાથે વ્યંજનાવગ્રહના ચાર ભેદ મેળવવાથી ૨૮ ભેદ શ્રુતનિશ્રિત મતિજ્ઞાનના થાય છે. આ મતિજ્ઞાનના આવરણના-ક્ષયોપશમના પ્રમાણમાં દરેક વ્યકિતના જ્ઞાનમાં તફાવત પડે છે, જેમ જેમ મતિજ્ઞાનનો ક્ષયોપશમ વધારે તેમ તેમ તેનાથી વિજ્ઞાન વિશુદ્ધ થતું જાય છે. આ ક્ષયોપશમ વિના પ્રયાસે થતો નથી, તેના માટે ખાસ પ્રયાસની જરૂર છે. જેમ વિદ્યાર્થીવર્ગને અભ્યાસની જરૂર છે, તેમ મોટી ઉમરના માણસોને પણ અભ્યાસની જરૂર છે. જેઓ પોતાના જ્ઞાનમાં વધારો કરવાને હંમેશા પ્રયત્નવાન છે, અને ક્રમથી શાસ્ત્રીય ગ્રંથોનો અભ્યાસ કરે છે, તે સિવાયનાને પોતાના જ્ઞાનમાં વધારો કરવાને માટે અઠવાડીક યા માસીકમાં આવતા ધાર્મિક વિષયોના વાંચન અને મનનની જરૂર છે. તેથી બેશક જ્ઞાનમાં વધારો થઇ શકે તેમ છે. વપરાશમાં આવતા મેલાં કપડાંને ધોવરાવી સ્વચ્છ કરવાની જેટલી જરૂર છે; તેના કરતાં મન ઉપર દરરોજના વ્યવહારથી ચઢતા મેલને ધોવાની વધારે જરૂર છે. મન ધોવાને માટે કંઈ ધોબીની જરૂર નથી; તે ધોવાને માટે તો મ્હારા જેવા માસીકોના વાંચનની ખાસ જરૂર છે. મેલાં થયેલાં કપડાંને જો ધોવરાવવાની કાળજી રખાતી નથી તો તે કપડા ઉપર ઘાટો મેલ ચઢી જલદીથી તેનો નાશ થાય છે, તેમ સારાં સારાં વાંચનથી જો મન ધોવાની કાળજી રાખવામાં નથી આવતી તો તેના ઉપર અજ્ઞાન-મિથ્યાત્વનો મેલ ઘાટો જામે છે અને તેથી ભવભ્રમણમાં વધારો થાય છે. આ વાત ધ્યાનમાં રાખવા જેવી છે.

અશ્રુતનિશ્રિત મતિજ્ઞાનમાં ચાર પ્રકારની બુદ્ધિનો સમાવેશ કરવામાં આવેલો છે. તેમાં " ઔત્પાતિકી " નામનો પહેલો ભેદ છે. આ ઔત્પાતિકી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બુદ્ધિ પ્રાણીઓમાં સ્વભાવથી હોય છે. ગુરૂમહારાજનો વિનય કરવાથી મતિજ્ઞાનનો વિસ્તાર થાય તેને "વૈનયિકી" બુદ્ધિ એવું નામ આપેલું છે. આ બુદ્ધિ સર્વ ગુણોમાં શિરોમણી છે એમ શાસ્ત્રકારોનું કથન છે. ત્રીજા ભેદને 'કાર્મિકી' બુદ્ધિ એવું નામ આપેલું છે. વારંવાર કાર્યનો અભ્યાસ કરવાથી જે મતિ વિસ્તાર પામે છે, તેનો સમાવેશ આમાં થાય છે. અને અવસ્થાનો પરિપાક થવાથી બુદ્ધિ પાકટ-ભરપૂર-થાય છે તેનો સમાવેશ 'પરિણામિકી' નામના ચોથા પ્રકારમાં થાય છે.

આ એકંદર બત્રીશ ભેદોનું વિસ્તારથી સ્વરૂપ સમજી પોતાના શુદ્ધ સ્વરૂપનું ઓળખાણ કરવાની અને ઉત્તરોત્તર શ્રુતજ્ઞાનમાં વધારો કરવાની તક જવા દેવી એ જીવન વ્યર્થ ગુમાવ્યા બરાબર છે.

જ્ઞાનથી વસ્તુસ્વરૂપનું ઓળખાણ થાય છે. શું આદરવા લાયક છે ? શું ત્યાગવા લાયક છે ? અને શું જાણવા લાયક છે ? એનો વિવેક જાગ્રત થાય છે. જીવનમાં ઉંચા પ્રકારનું ચારિત્ર ઘડવાને માટે જ્ઞાનનીજ જરૂર છે. સમ્યગ્ જ્ઞાન, દર્શન અને ચારિત્રને મોક્ષમાર્ગ જ્ઞાનીઓ કહે છે. મોક્ષની ઇચ્છા પ્રાયે ઘણા જીવોને હોય છે. છતાં જેઓ જ્ઞાન પ્રાપ્ત કરવાને અને તેમાં વધારો કરવાને પ્રાપ્ત થયેલી અમૂલ્ય તક ગુમાવે છે તેઓ ઇચ્છિત સાધ્ય જલદી શી રીતે પ્રાપ્ત કરી શકશે ?

જગત્માં માણસોની કિંમત સર્વથા તેમની પાસેના ધનસંચયથી થાય છે, એમ કેટલાકોનું માનવું છે, તેથી ધન પેદા કરવાનેજ પોતે જન્મ લીધો છે, એ સિવાય બીજું કંઇ સાધ્ય નથી. એવા પ્રકારની પ્રવૃત્તિ વર્તમાનમાં ઘણા ભાગે જોવામાં આવે છે. પણ વાસ્તવિક માણસની કિંમત તેના ચારિત્રથીજ અંકાય છે. કોઈ પણ વ્યકિત, સમાજ કે દેશની કિંમત તેમની પાસે ધનના ઢગલા કે ડુંગર હોય તેથી અંકાતી નથી, પણ ચારિત્રથી અંકાય છે. ઉંચ પ્રકારનું ચારિત્ર ઘડવાને માટે જો કોઇપણ વસ્તુની મદદની જરૂર હોય તો તે સમ્યગ્ જ્ઞાનની છે. તેના માટે તે સિવાય બીજા કોઇની મદદ યથાર્થ ફળદાયી નિવડતી નથી.

મારા વાંચકો ઉત્તમ ચારિત્રવાન્ બને, એ મારી અંતઃકરણની ભાવના ત્યારે જ સફળ થશે કે તેઓ મારા ગાઢ પરિચયમાં આવી યોગ્યાયોગ્યનો વિચાર કરી સત્ય અને હિતકર ગુણોનો આદર કરશે.

વાંચકોના મતિ ને શ્રુતજ્ઞાનાવરણી કર્મનો ક્ષયોપશમ થવાને હું નિમિત્ત કારણ નિવડું તો એ મને પોતાને સંતોષ લેવા જેવું છે. તેના માટે આ વર્ષમાં બનતો પ્રયાસ કરવાને મારા પોષકો યથાર્થ વિર્ય ફોરવશે એવો મહારો ભરૂસો છે.

વકીલ નંદલાલ લલ્લુભાઈ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# आपणो उदय शी रीते थाय ?

દુનિયાના દરેક જીવો રાગદ્વેષાદિ વિભાવિક પરિણુતિના પ્રવાહુની અપેક્ષાએ અનાદિ કાળથી મિથ્યાત્વ અવિરતિ, કષાય અને મન, વચન, કાયાની પ્રવૃત્તિરૂપ યોગે કરી જ્ઞાનાવરણ્યાદિ કર્મો બાંધે છે અને તે તે કર્મોના ઉદયથી પૂર્વના કર્મોનો નાશ કરે છે અને તેમ કરતાં રાગાદિ ચીકાશવડે અનેક પ્રકારનાં બીજાં નવીન કર્મો બાંધે છે. જેમ વસ્ત્રને ચીકાશને લીધે રજ ચાંટે છે, તેમ રાગદ્વેષરૂપ ચીકાશવડે આત્માને કર્મરૂપ રજ ચાંટે છે અને તે ક્ષીરનીર (દુધ અને પાણી) ની પેઠે એકમેક થઇ રહે છે. એટલે કર્મોએ કરી આવૃત્ત ( ઢંકાયેલી ) શુદ્ધ આત્મપરિણુતિ દબાઇ જવાથી આત્મા પોતે બહિરાત્મભાવી થઈ રહે છે, તેથી પોતાનું મૂળ સ્વરૂપ ભૂલી જઇને કર્મોને આધીન થઈ તેવા પ્રકારની વિભાવદશામાં છવાઈ જાય છે અને પરિણામે પૌદ્‍ગલિક પરવસ્તુને પોતાની માની તદ્‍વત્ ગની તેનોજ સંગીરંગી થઇ ભૂલો ભમે છે. જ્યાંસુધી **સર્વજ્ઞ, સર્વદર્શી, વીતરાગ–પરમાત્માનાં** એકાંત હિતકારી વચનામૃતનું પાન કરી ( શ્રવણ કરી ) તદનુસાર તપ, જપ, સંયમરૂપ સદુપાયોનું યથાર્થરૂપે સેવન કરવામાં નથી આવતું, ત્યાંસુધી ( દરેક ) આત્મા પોતાના સ્વાભાવિક જ્ઞાનાદિ અનંત ગુણો જાણવા કે પ્રાપ્ત કરવામાં બેનશીબ રહે છે, ( પ્રાપ્ત કરી શકતો નથી ) અને કર્મજનીત વિભાવિક પરિણતિથી મોહને વશ થઈ વારંવાર જન્મ, મરણ, આધિ, વ્યાધિ, ઉપાધિ, સંયોગ વિયોગાદિ અનેક પ્રકારનાં દુઃખોનો કડવો અનુભવ કરતો સંસારમાં મહા વિડંબના પામે છે. આવી કફોડી સ્થિતિમાંથી દરેક ભવ્યાત્માએ આત્માનો ( આપણો પોતાનો ) ઉદ્ધાર કરી લેવો એ દરેક આત્મહિતચિંતકનું કર્તવ્ય છે, અને તેના માટેજ **આપ્તપુરૂષોએ** આગમ–સિદ્ધાંતોની રચના ભવ્ય જીવોના ઉપકારાર્થે કરેલી છે કે જેના વાંચન, શ્રવણવડે આત્માની અવિચળ, અખંડ, શાશ્વતી જ્ઞાનાદિ સંપદાનું ભાન થાય અને તેવડે આત્માને અનાદિ કાળનાં લાગેલાં કર્મોથી મુક્ત કરવા સારૂ વર્ણવેલા સદુપાયોનું સેવન કરવા તે ભવ્યાત્મા ઉજમાળથઇ ઉદ્યમ કરે અને તેમ કરતાં અનુક્રમે સર્વ કર્મમળથી મુક્ત થતાં સંસારના સર્વે દુઃખોનો અંત આવે (નાશ થાય). માટે એવાં મહાન્ દુઃખોમાંથી મૂકાવનાર યા બચાવનાર આ પંચમ કાળમાં જો કોઇપણ હોય તો તે માત્ર **જિનાગમ** એટલે શ્રી તીર્થંકર પ્રભુએ કહેલાં આગમો–સિદ્ધાંતો અને જિનબિંબ ( એમની પ્રતિમા ) એ બે વસ્તુજ છે કે જેના ઉપરજ હાલ આપણા ઉદ્ધારનો આધાર રહેલો છે. પરંતુ તે આગમો વચગાળેના વખતમાં જુલ્મી રાજાઓના ભયથી ભંડારોમાં સંગ્રહી રાખ્યા, તેમાં કેટલાકો તો ઉધેહી વગેરેના કારણોથી જીર્ણ થઇ ગયાં અને કેટલાંક દુષ્કાળોના વખતમાં જ્યાં ત્યાં રખડી ગયાં, એવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વખતમાંથી પસાર થતાં હાલમાં જે કાંઇ કિંચિત્ કિંચિત્ જૂદે જૂદે સ્થળે બચી રહેલું છે, એ સઘળાનું સંશોધન કરી ભવિષ્યની પ્રજાને ઉપયોગી થાય અને હાલના વિચરતા મુનિરાજો તેને અભ્યસી અનેક ભવ્ય જીવોને બોધ આપી ધર્મજાગૃતિ કરાવે તેવા ઉચ્ચ ઉદ્દેશથી તે આગમોનો ઉદ્ધાર કરવાનું જે મહાન્ કાર્ય આપણા સદ્દભાગ્યે હાલમાં ગયા વરસથી પવિત્ર મુનિરાજો અને ધર્મપરાયણ શ્રાવકોના સતત્ પ્રયાસથી **શ્રી આગમોદય સમિતિદ્વારા આગમવાંચના** રૂપે ચાલી રહેલું છે, તે ખાતું બરાબર નિયમિત રીતે અસ્ખલિતપણે ચાલ્યા કરે અને હાલની બાકી રહેલી અમૂલ્ય દોલત જલવાઇ રહે તો ભવિષ્યમાં અનેક જીવોને બોધ થાય અને પવિત્ર સ્યાદ્વાદ માર્ગનો પ્રસાર થાય, તે માટે તે ખાતાને અંગે ઉભી થયેલી શ્રી આગમોદયસમિતિને દરેક આત્મહિત ચિંતકોએ તન, મન અને ધનવડે યથાશકિત મદદ કરવાની સંપૂર્ણ આવશ્યકતા છે. પરંતુ એક હાથે તાળી પડતી નથી, તેથી દરેક બંધુઓએ તેમાં છુટા હાથથી આર્થિક સહાય દેવાની જરૂર છે. કેમકે પૈસાવગર કોઈ પણ કાર્ય થતું નથી, તો આવા મહાન્ કાર્યને અંગે તેની ઘણી જરૂર પડે તે બનવા જોગ છે. આવાં **જ્ઞાનોદય**નાં મૂખ્ય આધારભૂત કાર્યમાં જે મદદ દેવાય તે જ્ઞાનાંતરાય તોડવાનું પ્રબળ કારણ છે, તેથી આત્માના જ્ઞાનાદિક ગુણો પ્રકટ થવામાં સરળતા થાય છે, અને અનુક્રમે જ્ઞાનાવરણી કર્મોનો સંપૂર્ણ ક્ષય થતાં આત્મા **અક્ષય, અવિનાશી, અખંડ,** શાશ્વતું સુખ ( મોક્ષ ) પ્રાપ્ત કરે છે. એટલે આપણો ઉદય કરવાનું મુખ્ય કારણ **જ્ઞાન** છે. તે જ્ઞાન મેળવવા માટે ઉદ્યમ કરવો, કરાવવો યા કરનારં વ્યકિતને યથાશક્તિ સહાય દેવી—એ સઘળાં જ્ઞાનપ્રાપ્તિનાં સાધનો છે. જ્ઞાનરૂપી મહાન્ સૂર્યનો ઉદય થયા સિવાય અનાદિ અજ્ઞાનરૂપ અંધકાર દૂર થવાનો નથી, માટે દરેક આત્માર્થીઓએ આ વાતનો ખુબ વિચાર કરી તે ઉપર ઘટતું લક્ષ દેવાની પૂરેપૂરી જરૂર છે. આગમનો ઉદ્ધાર એજ આત્માનો ઉદ્ધાર સમજવો, માટે આ કાર્યમાં સહાય દેવાથી આત્માએ પોતાનોજ ઉદય કર્યો એ નિઃસંદેહ વાત છે.

**વેણીચંદ સુરચંદ.**

# " जुहार " अने " जयंति " शब्दो संबंधी शंकाओ अने तेनुं समाधान.

**મહેરબાન જૈન ધર્મ પ્રકાશના તંત્રી સાહેબ,**

વિ. વિ. સાથે નિવેદન કરવાનું કે અમુક પ્રસંગે " જુહાર " શબ્દ, કે જે આપણા જૈન લોકોમાં મિત્રો અને સ્નેહીઓ ઉપર પત્ર લખવામાં પ્રચલિત છે, તે સંબંધમાં વ્યુત્પત્તિ અને અર્થ સંબંધી શંકાઓ ઉત્પન્ન થવાથી અને મતભેદ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પડવાથી આપ સાહેબ પાસે ખુલાસો માંગવાની જરૂર પડી છે માટે આશા છે કે આપ સાહેબ ઉપલા " રૂઢ " શબ્દ સંબંધી આ સાથે લખી મોકલેલ હકીકત આપના માસિક મારફતે જૈન સમુદાયના લાભ માટે પ્રગટ કરશો.

" જુહાર " શબ્દના અર્થો નીચે પ્રમાણે કરી શકાય.

(૧) જુહાર=જવહાર=જવ+હાર

જવ એટલે આશીર્વાદ. ( blessings–benediction good things. )

હાર એટલે માળા. ( series ) series of blessings.

( આ પ્રમાણે અર્થ કરતાં અંગ્રેજીમાં વપરાતા best compliments. ના જેવો અર્થ થાય છે. )

(૨) જુહાર=જય+અર્હં=જય+અર્હંત=

અરિહંત ભગવાન જય પામો. જયવંતા થાઓ વિગેરે. (આ પ્રમાણે અર્થ કરતાં " જુહાર " શબ્દનો અર્થ જયગોપાળ=જેગોપાળ, જય શ્રીકૃષ્ણ=જેશ્રીકૃષ્ણ, જયગોવિંદ=જે ગોવિંદ જેવો થવા જાય છે.)

(૩) જુહાર=જુહારવું=પ્રદક્ષિણા કરવી=નમસ્કાર કરવો. ( કેટલાક લોકો "જુહાર" શબ્દનો ઉચ્ચાર ઝારવું. ઝારવા. એવો પણ કરે છે. દેરાં તથા તીર્થો જુહારવાં.) જુહાર શબ્દનો અર્થ પ્રદક્ષિણા ફરવી અથવા નમસ્કાર કરવો એ આપણા લોકોમાં સારી પેઠે જાણીતો છે. કારણ કે ચૈત્યવંદનો અને સ્તવનોમાં ઘણી વખતે એ શબ્દ વપરાયેલો માલુમ પડે છે.

આ ઉપરાંત એ સંબંધી શાસ્ત્રોમાં અથવા વ્યવહારમાં કાંઇપણ દાખલાઓ અને દલીલો વિશેષ મળી શકતાં હોય તો તે પણ આપીને આભારી કરશોજી.

" જયંતિ " શબ્દ સંબંધી પણ એવા પ્રકારનીજ શંકાઓ અને મતભેદ હોવાનું સાંભળવામાં આવ્યું છે.

જયંતિ=જી. જય=જીતવું=જય પામો.

જયંતિ=જીવંતિ=( જીવ–ધાતુ )=જીવો. ઘણું જીવો.

જયંતિ શબ્દનો સાધારણ અર્થ વર્ષગાંઠ, સાલગિરી, વાર્ષિક દિવસ ( Anniversary ) કરવામાં આવે છે. જેવી કે દાદાભાઈ જયંતિ, મહાવીર જયંતિ વિગેરે.

જયંતિ શબ્દ અંગ્રેજીમાં જ્યુબિલી શબ્દને મળતો માલમ પડે છે. જ્યુબિલી શબ્દનો પણ એવોજ અર્થ થાય છે. અથવા ખુશી થવું, આનંદ પામવું એવો પણ અર્થ થઇ શકે છે. ( Julube–Joy )

આ બાબત વિદ્વાનો પોતાનો અભિપ્રાય પ્રકટ કરી મને તેમજ અન્યને નિઃશંક બનાવશે.

ડાહ્યાભાઇ મોતીચંદ.
ગોકળભાઇ મુળચંદ જૈન બોર્ડીંગ—મુંબઈ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## લાઈફ મેમ્બરોને ભેટ.

આ સભાના લાઈફ મેમ્બરોને તરતમાં ભેટ તરીકે મોકલવાને મુકરર થયેલી બુકો ૪ (શ્રીપાળ રાસ અર્થ રહસ્ય યુક્ત, શ્રી યુગાદિદેશના ભાષાંતર, શ્રી ચિત્રકુ ચરિત્ર ભાષાંતર, તથા શ્રી ભુવનભાનુ કેવળી ચરિત્ર ભાષાંતર) પૈકી ચોથી બુક છપાય છે ને ત્રીજી બુક બંધાય છે, તે તૈયાર થયેથી ચારે બુકો એક સાથે મોકલવામાં આવશે.

## વાર્ષિક મેમ્બરોને ભેટ-

આ સભાના દરેક મેમ્બરોને ભેટ તરીકે આપવાને મુકરર થયેલી ઉપર જણાવેલી બુકો ૪ પૈકી પ્રથમની ત્રણ બુકમાં ત્રીજી બુક બંધાય છે. તે તૈયાર થયેથી તેઓ સાહેબને ચડેલી ફી પૂરતા વેલ્યુ૦ થી મોકલવામાં આવશે. દરેક મેમ્બરોએ તે વેલ્યુ૦ સ્વીકારી લેવાનું ધ્યાનમાં રાખવું.

## શ્રી જૈનધર્મ પ્રકાશના ગ્રાહકોને ભેટ.

પુસ્તક ૩૧-૩૨ માની ભેટ તરીકે યુગાદિદેશના ભાષાંતર અને ચિત્રકુ ચરિત્ર ભાષાંતર-આ બે બુકો આપવાનું મુકરર થયેલું છે. તે તૈયાર થઈ છે. તેથી પુસ્તક ૩૧-૩૨ માના લવાજમ ઉપરાંત પાછલા લવાજમ સહીત (લેણું હશે તો) વેલ્યુ૦ થી મોકલવાનું તરતમાંજ શરૂ કરવામાં આવશે. ગ્રાહકોએ તરતજ તે વેલ્યુ૦ નો સ્વીકાર કરીને એ બંને અપૂર્વ પુસ્તકોનો લાભ લેવો. વેલ્યુ૦ પાછું ફેરવવાથી લવાજમ તો આપવું જ પડશે, પરંતુ પછીથી ભેટનો લાભ નહીં મળે.

## શ્રી પાંચ પ્રતિક્રમણ સૂત્ર. અર્થ યુકત.

### (ગુજરાતી.)

આ બુક અમારા તરફથી છપાયેલી નથી. બીજા કોઈએ છપાવેલ પણ તેણે કીંમત નહીં ભરવાથી તમામ બુકો અમે ખરીદી લીધી છે, તેની અંદર ક્વચિત્ અશુદ્ધિ છે. તે બુક પાકા કપડા સાથેના શોભિતા બાઈંડીંગથી બંધાવી છે. કિંમતના પ્રમાણમાં બુક સારી છે. તેમાં કાગળો ગ્લેઝ અને રફ-બે જાતના વપરાયા છે. તેની કિંમત સામાન્ય ખરીદનાર વર્ગ માટે ગ્લેઝના છ આના ને રફના પાંચ આના રાખી છે. જૈનશાળા માટે કે ઇનામ માટે ખરીદનાર સારૂ ચાર આના ને સાડા ત્રણ આના રાખી છે. બહારગામવાળાઓએ પોસ્ટેજ દરેક બુકે અરધો આનો જુદું ગણવું.

## રસિક સ્તવનાવળી.

(ચૈત્યવંદનો, સ્તવનો, સ્તુતિઓ, સઝાયો વિગેરેનો સંગ્રહ.)

કિંમત માત્ર બે આના. પોસ્ટેજ જુદું.

**નવાં જૈની ચૈત્રી પંચાંગ બહાર પડયાં છે. કિંમત અરધો આનો.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## સાહિત્ય પ્રેમીને ખુશખબર.

મુનિરાજ શ્રી કુસુમવિજયજી રતલામથી ખબર આપે છે કે 'તિલકમંજરી ઉપર શ્રી પદ્મસાગરગણિએ વૃત્તિ રચેલી છે, તેની જુની પ્રત મુનિરાજ શ્રી હંસવિજયજી મહારાજને લભ્ય થયેલી છે.' તેનો લાભ લેવા ઇચ્છનારે એ મહાત્માને ઇંદોર પત્ર લખવો. તિલકમંજરી સંસ્કૃત ગદ્યબંધ અપૂર્વ જૈન ગ્રંથ છે.

## જૈન પંચાંગમાં સુધારો.

અમારી તરફથી છપાયેલા નવા પંચાંગમાં જેઠ વદ ૬ બુધવારે આર્દ્રા નક્ષત્ર બેસે છે, તે લખતાં બુધની સાથે ( શુદ્ધ ) શબ્દ ભુલથી છપાયેલ છે, તે કાઢી નાખવો.

## યાત્રાળુને ખાસ સૂચના.

કોઇ પણ સ્થળે યાત્રા કરવા જનારે ધર્મશાળામાં, દેરાસરમાં કે ઉપાશ્રયમાં કોઇ પણ જગ્યાએ ભીંત ઉપર પોતાનું નામ અથવા બીજી હકીકત લખીને ભીંત બગાડવી નહીં. એમાં દોષ લાગે છે ને લાભ બીલકુલ નથી. ખરી યાદગિરિ તેથી રહેવાની નથી.

## ક્ષમાપના.

કેટલીએક જાહેર સંસ્થાઓ તરફથી તેના રીપોર્ટ રીવ્યુ લેવા માટે આવે છે, કેટલાક જાહેર મેળાવડાઓની હકીકત લખાઇ આવે છે, કેટલાએક મુનિવિહારના સમાચાર લખાઈ આવે છે, તેમજ કેટલી અન્ય હકીકત વર્તમાન સમાચાર તરીકે લખાઈ આવે છે. અમે એ સઘળાને સ્થળ સંકોચાદિ કારણથી પૂરતું સ્થાન આપી શકતા નથી. તેને માટે તેના લેખક વિગેરેની ક્ષમાપના માગીએ છીએ. અમારો આશય શાસ્ત્રીય લેખો આપવા તરફ વધારે રહે છે. તંત્રી.

## નવા મેમ્બરોના નામ.

### લાઇફ મેમ્બર.

| | | |
|---|---|---|
| *૧ | પરી. ભાઇલાલભાઇ હલ્લુભાઇ. | કપડવંજ. |
| ૨ | પરી. છોટાલાલ દેવચંદ. | ,, |
| ૩ | શેઠ કલ્યાણચંદ સોભાગચંદ ઝવેરી. | મુંબઈ |
| ૪ | શેઠ ભોગીલાલ હાલાભાઈ. | પાટણ. |
| ૫ | શા. નીહાલાલ મગનલાલ. | શંખલપુર. |

### પહેલા વર્ગના વાર્ષિક મેમ્બર.

| | | |
|---|---|---|
| ૬ | શા. નગીનદાસ લલ્લુભાઇ. | પાટણવાળા. હાલ મુંબઇ. |
| ૭ | શા. હરિચંદ ઉજમશી. | કરાંચી. |
| ૮ | શા. [illegible] | ઉમરેઠી. |
| ૯ | શા. [illegible] | મહુધા. |
| ૧૦ | શા. [illegible] | ભાવનગર. |

* આ [illegible] માસમાં લાઇફ મેમ્બર થયા હતા, [illegible] ના શુ. [illegible] પરંતુ [illegible] વખતમાં પંચત્વ પામ્યા છે.

For Private And Personal Use Only